# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૬ ] ઓકટોબર ૧૯૮૭ [ અંક ૪

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.

(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.

(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.

(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.

(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭

Scanned by CamScanner

# નૂતન વર્ષાભિનંદન



## નૂતન
## વર્ષનો
## સંદેશો



ગાયત્રી માતાના વહાલાં બાળકો,

સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા–બાળકનો સંબંધ કેળવી ગાયત્રી–મહામંત્રની ત્રણ માળાનો જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લો.

આ નવ સૂત્રોને પોતાના જીવનમાં અપનાવી જીવન ધન્ય બનાવો :

* ઇષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ સ્વીકારવી.
* નિઃસહાયને સહાય કરવી.
* દુઃખીઓનાં દિલનાં આંસુડાં લૂછવાં.
* કોઈની ઈર્ષ્યા ન કરવી.
* કોઈની સાથે પણ વિશ્વાસઘાત ન કરવો.
* નિંદાથી પર રહેવું.
* પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહો.
* નિઃસ્વાર્થ સેવા કરો.
* અહમનો ત્યાગ કરો.

બેસતું વર્ષ, સં. ૨૦૪૪
અમદાવાદ

શાસ્ત્રીજી (એન. બી. દવે)

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૬ ] • ઑક્ટોબર : ૧૯૮૭ • [ અંક ૪ થો

## અનુક્રમણિકા


૧. તલવારની ધાર પર વિહરતી આધ્યાત્મિકતા ... ૩
૨. માતાજીના શિસ્તબદ્ધ સૈનિક ... ... ૭
૩. માતાજીનું આગમન ... ... ૯
૪. તપોભૂમિ 'નીલોષા' ... ... ૧૧
૫. જ્ઞાનગોષ્ઠિ ... ... ૧૩
૬. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ... ૧૫
૭. આત્મગુંજન : ૧૪ ...ડૉ. કાન્તિલાલ કાલાણી ૧૭
૮. સાચી ઉપાસના અન્તરાયોને પાર કરવામાં આવે છે. ... ... ૨૦
૯. મૌન ... ... ૨૩
૧૦. વેદમાતાના વહાલપનો વારિધિ ... ... ૨૭
૧૧. સમાચાર ... ... ૩૧


☐

**આપનું સન ૧૯૮૮ ના વર્ષનું 'આધ્યાત્મિક કેડી'નું લવાજમ રીન્યુ કરાવી લેવા વિનંતી. પાંચ વર્ષનું એક સામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.**



આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

☐

**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દસ**

☐


પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦૦૧૬

☐

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ,
અમદાવાદ – ૩૮૦૦૦૧


Scanned by CamScanner



આધ્યાત્મિક કેડી

ઑક્ટોબર : ૧૯૮૭

☐

# તલવારની ધાર પર વિહરતી આધ્યાત્મિકતા

**ગુરુપૂર્ણિમાની** પૂર્વ સંધ્યાએ કેટલાક ભક્તોએ નમતા પો'રથી જ કુટિરને શણગારવાનું, બહાર કમ્પાઉન્ડમાં ગુરુદેવને બિરાજવા માટે બીજી નાનકડી ઘાસની કુટિર બનાવી શણગારવાનું ચાલુ કરી દીધું હતું. બહારગામના કેટલાક ભક્તો આવી ચૂકયા હતા. કોઈક અનેરા ઉત્સવનો આહ્‌લાદ સમસ્ત વાતાવરણમાં છવાઈ ગયો હતો. સૌના મુખ પર આનન્દની લકીર વર્તાતી હતી.

બીજે દિવસે સવારે સાત–સાડા સાતથી કાર્યકર્તાઓ બહારની વ્યવસ્થામાં પરોવાયાં હતાં. ગુરુદેવ તેમની પૂજામાંથી પરવારી નવ-સાડા નવે બહાર આવી બિરાજ્યા હતા. લાલ જેવા ઘેરા રંગનું રેશમી અબોટિયું ને રેશમી કફનીમાં ગુરુદેવ નિજી તપશ્ચર્યાના દિવ્ય તેજથી ઓપતા હતા. આજે તેમનાં ચરણોમાં મોજાં નહોતાં. ભક્તોએ તેમનું ચરણપૂજન કર્યું હતું, તો કેટલાકે ગુરુદેવ પાસેથી મંત્રદીક્ષા પ્રાપ્ત કરી હતી. ગુરુદેવ સ્વમુખે ગાયત્રી–મંત્ર બોલાવી મન, વચન ને કર્મથી પવિત્ર રહી શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક મા–બાળકનો સમ્બન્ધ કેળવી ગાયત્રી મહામંત્રની ઓછામાં ઓછી ત્રણ માળા દરરોજ કરવાનો આદેશ આપતા હતા.

ગુરુદેવની બાજુમાં પૂ. મમ્મી (ગુરુદેવનાં પત્ની) અને કૈલાસબહેન બેઠાં હતાં.

એક બાજુ કેટલાક કાર્યકર્તાઓ દર્શનાર્થીઓની સગવડનું ધ્યાન રાખતા હતા. બીજી તરફ કેટલીક બહેનો પુરી વણવામાં પરોવાઈ હતી. તેમના હાથમાં વેલણ ને મુખમાં માતાજીના જપ, ધૂન, ને ભજન.

બહાર સેંકડો ભક્તોની લાંબી કતાર લાગી હતી. ઉપર આકાશમાંથી સખત તાપ વરસી રહ્યો હતો. એવા વાતાવરણમાં ભક્તો ગુરુના દર્શન–પૂજનની આરત અંતરમાં લઈ ને શાંતિથી ઊભાં હતાં. તે દિવસે ભક્તોની અવરજવર એકધારી રહી હતી. એક પછી એકનો વારો આવતો હતો ને પાછળથી કતાર લાંબી થતી જ જતી હતી.

અગિયારેકના સુમારે સૌ ભક્તોને પ્રસાદ પીરસવાનું શરૂ થયું હતું. એમાં પણ કેટલાંક ભાઈ–બહેનો સેવામાં–વ્યવસ્થામાં જોડાયાં હતાં. બધું કાર્ય કેવી રીતે પાર પડતું તે કોઈને ખબર પડતી નહિ. જ્યાં જેનામાં વેદજનની સાક્ષાત્ બિરાજમાન હોય ત્યાં શેની કમી હોય?

બપોર વીત્યા બાદ દર્શનાર્થીઓની ભીડ ઓછી થઈ તેમ છતાં અસંખ્ય ભક્તો સવારથી સાંજ સુધી ધામા નાખીને કુટિરમાં બેસી રહ્યા હતા. કુટિર હજી પણ ભક્તોથી ઊભરાયેલી હતી.

સાંજ થવા આવતાં ગુરુદેવ ઘાસની કૂટિરમાંથી વાંસની કૂટિરમાં ઝૂલા પર બિરાજ્યા. તેમની આરતી ઊતારવામાં આવી. પછી ગુરુદેવે આશીર્વચન આપવા માઈક હાથમાં લીધું. સૌના કાન સરવા થયા ને દૃષ્ટિ ગુરુદેવ પર મંડાઈ. હરહંમેશની જેમ, 'ગાયત્રી માતાનાં વહાલાં બાળકો'થી સંબોધન કરી તેમણે કહ્યું :

"આજે ગુરુપૂર્ણિમાના પર્વે આપ સૌ અહીં આવ્યાં છો, રોકાયાં છો, દિવસભર તાપમાં શેકાયાં છો તે બદલ તમે સૌ ધન્યવાદને પાત્ર છો. હું તો તમને એટલું જ કહીશ કે આજથી શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક મા-બાળકનો સમ્બન્ધ કેળવી ત્રિપદા ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના દૈનિક કાર્યક્રમમાં વણી લેજો. મારા આપ સૌને આશીર્વાદ છે. જેઓ મારા આદેશનું પાલન કરશે તેઓ જરૂર સુખી થશે. તેમની જીવનનૈયા સરળ ને સલામત રીતે ચાલે તે હું જોતો રહીશ.

તમે જોઈ શકતા હશો કે હિંચકે બેઠાં બેઠાં મારી આંખો બંધ થઈ જાય છે. તમને થતું હશે કે ગુરુદેવ ઊંઘી ગયા, પણ ના, એવું નથી. મને ભક્તોની યાદ આવે છે. તે કોઈ પણ ખૂણે હોય, તેની મને ખબર પડે છે. તેની કઈ તકલીફ છે, તેની શી મૂંઝવણ છે, તેનું નિવારણ કઈ રીતે થઈ શકે તે હું જોતો રહું છું ને તેને મદદ કરતો રહું છું.

મારી મુલાકાત વેળા ઘણાને તેમના પ્રશ્નના અનુસન્ધાનમાં હું તેમને કહું છું કે, 'પ્રયત્ન કરીશ', 'જોઈએ' 'થઈ જશે' એ માટે મારે કાર્યરત રહેવું પડે છે. એના સુલઝાવ માટે હું વિચારમાં સરી જાઉં છું. ઘણા માણસો પોતાની વિટંબણાઓથી નિઃસહાય થઈ જાય છે, પ્રશ્નો કહેવાતા નથી ને સહેવાતા નથી. તે વેળા મારા પગમાં માથું મૂકી તેઓ અશ્રુધારા વહાવે છે, તેથી હું દ્રવી જાઉં છું અને મને થાય છે કે તેનાં આંસુ ક્યારે મોતી બનાવીને પરત કરું. જો કે કર્મનું ફળ તો દરેકે ભોગવવું જ પડે છે. પરન્તુ સદ્‌ગુરુના સથવારે તે ભોગવવાની-જીવરવવાની ક્ષમતા કેળવાય છે.

અહીં ભાઈ-બહેનો કેવા લયબદ્ધ ગરબા ગાતાં હતાં. કેટલું શિસ્ત વર્તાતું હતું. સ્વામી વિવેકાનન્દે પરદેશમાં તેમના એક વક્તવ્યમાં ગરબાને 'Well self decipline' કહ્યો હતો; એટલે કે આત્મશિસ્ત-જાતે કેળવેલું શિસ્ત. એ જ રીતે આપણી બહેન-દીકરીઓને પરણીને પારકે ઘેર ગોઠવાવું પડે છે. અજાણ્યા વાતાવરણમાં ઘર, સમાજ ને રીતરિવાજમાં ગોઠવાઈ જવું પડે છે. શિસ્ત, સહનશીલતા ને સંયમ તેમના જીવનમાં વણાઈ ગયાં હોય છે.

મને એક પ્રસંગ યાદ આવે છે. એક વાર એક ભાઈ સ્વામી વિવેકાનન્દ પાસે આવ્યા. તેમણે વિવેકાનન્દને કહ્યું, 'મારે તમને ગુરુ બનાવવા છે'. વિવેકાનન્દે તે ભાઈને તાપમાં ઊભા રહેવા કહ્યું. પાંચ મિનિટ, દસ મિનિટ, પંદર મિનિટ થઈ પણ વિવેકાનન્દે પેલા ભાઈને બોલાવ્યા નહિ. ભાઈને થયું કે સ્વામીજી મને ભૂલી ગયા લાગે છે. તેણે વિવેકાનન્દ પાસે જઈને કહ્યું : 'સ્વામીજી, અહીં હું પંદર મિનિટથી ઊભો છું'. 'હજી ઊભો રહે' કહી વિવેકાનન્દે એક કલાક સુધી તેને બોલાવ્યો નહિ. તાપથી તપેલો, ધુંવાપુંવા થતો તે સ્વામીજી પાસે આવ્યો ને કહે કે 'મારે આપને ગુરુ નથી બનાવવા'. 'કેમ ભાઈ. આટલા તાપમાં ને આટલી વારમાં તું થાકી ગયો?' સ્વામીજીએ પૂછ્યું. આધ્યાત્મિક ક્ષેત્રે પ્રવેશવા માટે તપવું પડે છે. આધ્યાત્મિક પંથ તો તલવારની ધારા જેવો છે. સોનાની પરખ કરવા તેને અગ્નિમાં તપાવવું પડે છે. હીરાને પાસા પાડવા માટે એરણ પર ઘસવું પડે છે તેમ ગુરુની કસોટીમાંથી પણ પાર ઊતરવું પડે છે. આરંભે શૂરા એવા કંઈ કેટલાયે શિષ્યો વચમાં બેસી પડે છે, અધવચથી ભાગી જાય છે ત્યાં સહેલો માર્ગ શોધવા ફાંફાં મારે છે. આધ્યાત્મિક માર્ગ સહેલો નથી. જો આવી જ પરીક્ષા હું આપની લઉં તો ? તે આપ જ વિચારી કહો છો.

[ આધ્યાત્મિક ડેરી, ઑક્ટોબર, '૮૭



Scanned by CamScanner

આ વખતે કેનેડાની મુલાકાત વેળા બે-ત્રણ બહેનો મારી મુલાકાતે આવ્યાં. મને કહે, '૫૦ માઈલ દૂરથી અમે પ્રવચન સાંભળવા આવ્યાં છીએ.' મેં કહ્યું, 'ભલે બેસો. પ્રવચન સંભળાવું : શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક નિયમિત તમારા ઈષ્ટદેવની ઉપાસના કરજો.' આટલું બોલી હું ચૂપ થઈ ગયો.

મને પૂછે, 'બસ, પ્રવચન પૂરું થયું ?'

'હા, પ્રવચન પૂરું થયું.'

'બસ, આટલું જ પ્રવચન !'

મેં કહ્યું, 'હા. આ તો આખો સાગર ગાગરમાં ભરાવી દીધો છે, ગમે તે ધાર્મિક પુસ્તક વાંચો કે પ્રવચન સાંભળો તેનો સાર આ એક જ છે.'

મારે તમારી પાસેથી દાન લેવું છે. મારે તન, મન, ધનનું દાન નથી જોઈતું. મારે તો તમારી કુટેવો–વ્યસનોનું દાન જોઈએ છે. તમારા ડાબા હાથને પણ ખબર ન પડે તેમ તમારાં દૂષણો જમણી મુઠ્ઠીમાં ભરી દઈ મુઠ્ઠી બંધ કરી દો અને આ ઝોળી ફેલાવું છું તેમાં તમારાં દૂષણો મને દાનમાં આપી દેશો ને આ ઝોળી છલકાવી દેશો. એની કિંમત મારે મન અબજો રૂપિયાની છે. આ દાન પાછું લેવાશે નહિ તે યાદ રાખશો અને મને કે કોઈને પણ એ જણાવવાની જરૂર નથી.' એમ કહી અચાનક ગુરુદેવ હિંચકા પરથી ઊભા થઈ થોડાક આગળ આવી ઊભા રહી ગયા અને કહે કે, 'દાન માગનારે ઊભા થઈને દાન માંગવું જોઈએ.'

એક વખત હું ટ્રેનમાં સુરત જઈ રહ્યો હતો. ફર્સ્ટ કલાસના રીઝર્વેશન કોચમાં બે ભાઈઓ બેઠા હતા. ટી. ટી. એ. કહ્યું કે તેઓ વડોદરા ઊતરી જશે. મને થયું કે ભલે બેઠા. ટ્રેન ચાલુ થઈ. ટી. ટી. એ કહ્યું હતું કે આ ગાયત્રી–ઉપાસક છે તેથી તેઓએ પ્રશ્નો પૂછવા શરૂ કર્યા.

મને પૂછ્યું, 'તમે શું કરો છો ?'

'અહીં બેઠો છું.' મેં કહ્યું.

'ના, એમ નહિ, શી પ્રવૃત્તિ કરો છો ?'

'લોકોની સેવા કરું છું.' મેં કહ્યું.

'તમારી પાસે કોઈ સાહિત્ય છે ?' તેઓએ પૂછ્યું.

મેં કહ્યું, 'અત્રે ઉપલબ્ધ નથી. પણ હવે આપ વ્યર્થ સવાલો પૂછવાના રહેવા દો તો સારું. મારો વ્યર્થ સમય શા માટે બગાડો છો ?'

'વ્યર્થ સમય કયાં બગાડું છું ? આ તો એમ કે વડોદરા સ્ટેશન આવે ત્યાં સુધી વાતો કરું, ગપ્પાં મારું', પેલા ભાઈએ કહ્યું.

મેં કહ્યું, 'મને વ્યર્થ વાતો કરવી પસંદ નથી. મને મારામાં વ્યસ્ત રહેવા દો. હું મારા ગાયત્રી મંત્રમાં લીન થઈ જઈશ.'

"ગપ્પાં મારવાં, કારણ વિના વ્યર્થ વાતો કરવી એ પણ એક પ્રકારની કુટેવ જ છે..."

આપ સૌને મારા આશીર્વાદ છે.'

☐

☐ જયગુરુદેવ — જય ગાયત્રીમાતા ☐

☐

**રમેશભાઈ ડોકટર સીલ્ક મીલ્સ**

**ખટોદરા — સુરત — ટે. નં. ૪૨૧૫૪**

# માતાજીના શિસ્તબદ્ધ સૈનિક

ઓગણીસસો સત્યાશીના સપ્ટેમ્બર માસની સાતમી તારીખે-પૂ. ગુરુદેવના જન્મદિનના અભિવાદન પ્રસંગે-કેટલાક ભાઈ-બહેનોએ માતાજી સાથેના ગુરુદેવના સાયુજ્યની-અદ્વૈતના વિવિધ દૃષ્ટિકોણથી પોતપોતાનાં મન્તવ્યો-વક્તવ્યો-ગીત ગઝલ રજૂ કર્યાં હતાં.

ગુરુદેવે સર્વ ભાઈ-બહેનો-ભક્તોના અભિવાદનને ઝીલતાં આશીર્વચન ઉચ્ચારતાં જણાવ્યું હતું કે, 'આપ સૌને મારા પર ખૂબ જ પ્રેમ છે. આપ સૌને મારા આશીર્વાદ છે. અહીં મારે માટે ઘણું ઘણું કહેવાઈ ગયું. મહેન્દ્રભાઈએ કહ્યું કે શાસ્ત્રીજી સ્વયં માતાજી છે ને ભાઈ શ્રી મુંજાલે કહ્યું કે માતાજી સાથે હોવાથી તેઓ કોઈની પણ સાથે ટક્કર લઈ શકે છે. એના જવાબમાં હું એટલું જ કહીશ કે મારે માતાજી બનવું નથી ને મારે કોઈ સાથે ટક્કર ઝીલવી નથી. માતાજી બનવું ખૂબ જ દુષ્કર કાર્ય છે. માતાજીનું કાર્ય ઘણું વિશાળ છે, જેને પહોંચી વળવા હું અશક્તિમાન છું. જીવનના સંઘર્ષો સામે મેં ઘણી ટક્કર ઝીલી છે, માતાજીએ મારી ઘણી કસોટી કરી છે, મારી સમક્ષ ઘણાં પ્રલોભનો આવ્યાં છે, માતાજીએ મને ત્રણ ત્રણ દિવસના ઉપવાસ કરાવ્યા છે, એવા કપરા દિવસોમાં ટકી રહેવું ઘણું કપરું હતું. પણ મેં કદી પણ માતાજીને ફરિયાદ નથી કરી. મેં કશી માગણી નથી કરી. મારે કશું જોઈતું નહોતું. મારી કોઈ આશા-આકાંક્ષા નહોતી. મેં કદી દર્શનની પણ ખેવના નથી રાખી. કારણ હું જાણતો હતો કે Arise, awake and sleep not till thy goal is reached, misfortune does not success the constant guest of virtue. અર્થાત્ આપત્તિ અને સફળતા કદી એકધારી ટકતી નથી.'

પોતાને થયેલા માતાજીના સાક્ષાત્કારના મૂળમાં માતાજીએ તેમની કરેલી આકરી કસોટીને ટાંકતાં ગુરુદેવે જણાવ્યું હતું કે 'માતાજીએ સ્વયં મારામાં પ્રત્યક્ષ રીતે શક્તિનું સિંચન કર્યું છે. માતાજીએ એકધારી ૪૪ વર્ષ સુધી મારી એક યા અન્ય રીતે કસોટી કરી છે, પણ મેં મારી નિત્ય ઉપાસના અવિરત ચાલુ રાખી, જરા પણ ફરિયાદ ન કરી, ને ઈ. સ. ૧૯૭૧ માં મને કહ્યું કે તું અમદાવાદ જવાની તૈયારી કર. તેમની આજ્ઞાથી હું અમદાવાદ આવ્યો પણ અહીં કેવી રીતે ગોઠવાયો તેની મને ખબર જ નથી. ત્યાર બાદ માતાજીને મારામાં કંઈક લાગ્યું હશે ને તેણે અનેક અનુભવો કરાવવા માંડયા. માતાજીએ મને લોકસેવાનો આદેશ આપ્યો અને આ બધી કાર્યવાહી કેવી રીતે કરવી તે સ્વપ્નમાં કે અન્ય રીતે પ્રયોગ કરી બતાવ્યું ને આજે હું જે કાર્ય કરી રહ્યો છું તે કેવળ માતાજીની શક્તિથી કરું છું. હું તો માત્ર પંચમહાભૂતનું ખોળિયું જ છું.'

ગુરુદેવ આમ બોલતા હતા તે દરમિયાન અચાનક વાતાવરણમાં એક પ્રકારની અલૌકિક સુવાસ પ્રસરી આવી. ગુરુદેવે કહ્યું કે કદાચ માતાજી અહીં હાજર પણ હોય ને આ બધું સાંભળવામાં એને પણ કદાચ મજા આવતી હશે. એટલામાં ભક્ત સમુદાયમાં ગણગણાટ ને આનન્દ વ્યાપી ગયો. ભક્ત સમુદાયમાંથી એકી સાથે અવાજ આવ્યો કે, 'માતાજી અહીં હોય તો અમને કહી દો.' ભક્તસમુદાયની એ વાતનો પ્રત્યુત્તર વાળતાં ગુરુદેવે જણાવ્યું કે 'હું તમને કહું કે માતાજી અહીં છે તો પણ તમે એ જોવા શક્તિમાન નથી.'

હકીકતે માતાજી સાક્ષાત્ સદેહે આવે છે તે માટે મારી થયેલી કસોટીઓ જ કારણભૂત છે એમ જણાવી કહ્યું કે 'કદાચ ઘણાને સંશય પણ થતો હશે કે માતાજી આમ સદેહે સાક્ષાત્ આવી શકતાં હશે શું ? ૧૯૫૫ માં મેં પણ આવી વાત સાંભળી હોત તો હું પણ એ માનવા તૈયાર ન હોત, પણ કસોટીના એ દિવસો પસાર થતાં, માતાજીએ જે અનુભવો કરાવ્યા, ને જે રીતે મારી પાસે સદેહે આવ્યાં ત્યારથી એ વાત મને સિદ્ધ થયેલી સમજાઈ ચૂકી કે સાચે જ માતાજી–પરમતત્ત્વ–ઈશ્વર–સાક્ષાત્ સદેહે આવી શકે છે જ.'

ત્યારબાદ કોઈને કંઈ પ્રશ્નો પૂછવા હોય તો પૂછવા જણાવ્યું ત્યારે એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો કે શિસ્તની ભાવના એટલે શું ?

ગુરુદેવે શિસ્તની ભાવના સમજાવતાં જણાવ્યું હતું કે 'શિસ્ત એને કહેવાય કે માતાજી જ્યારે આપને જે હુકમ કરે, જે સૂચન કરે તે મુજબ તેનું પાલન કરવામાં આવે. આપણે આપણાં માતા-પિતાની વાતને જેમ આદરપૂર્વક આવકારીએ છીએ તેમ માતાજીએ આપણને કહેલી વાતને પણ આદરપૂર્વક ચુસ્તપણે અનુસરવું જોઈએ. એ શિસ્તની ભાવના છે.

તેમણે બે-ત્રણ પ્રસંગ વર્ણવતાં કહ્યું હતું કે 'એક સમય એવો હતો કે મારા અમુક શિષ્યોને મેં અમુક ચોક્કસ સમયે બોલાવ્યા હતા. તેમણે તરત તો, આવવા માટે હા કહી દીધી, પણ પાછળથી મહેમાન આવ્યા છે, તાવ આવે છે, શરદી થઈ છે વગેરે જેવાં બહાનાં બતાવી આવવાનું ટાળ્યું.

માતાજી જો આપણને બોલાવે તો ભલે ને ગમે તે થઈ જાય, બારે મેઘ કેમ ન વરસી પડે, ઉપરથી આભ કેમ ન તૂટી પડે પણ હું તો માતાજી પાસે ચાલ્યો જ જાઉં.' સૌમ્ય અવાજમાં હરહંમેશ બોલતાં ગુરુદેવનો અવાજ ગદ્‌ગદ થઈ ગયો હતો. તેમના અવાજમાં એક પ્રકારનો અલૌકિક જુસ્સો ઊભરી આવ્યો દેખાતો હતો. તેમના અવાજમાં, તેમના એ વેળાના સ્વરૂપમાં, તરી આવતું દેખાતું હતું શિસ્તની ભાવનાનું રહસ્ય, માતાજીના મિલન માટેની ઉત્કટતા, માતાજીનાં વચનો પાળવાની ક્ષમતા ને તત્પરતા. સમસ્ત જનસમુદાયે તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

ગુરુદેવે વધુમાં પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'એક દિવસ મને એક ભાઈએ પ્રશ્ન પૂછયો હતો કે તમે શા માટે લોકોનાં દૂષણો દાનમાં માંગ્યાં ?' મેં તેમને કહ્યું કે 'ભાઈ, એ દૂષણો મારે તો ખપનાં નથી, પણ મારા જપયજ્ઞમાં એ દૂષણો હોમાઈ જશે. સમુદ્રમંથન વેળા જે અમૃત પ્રાપ્ત થયું તે સૌ કોઈ લેવા તૈયાર થયા, પણ વિષ તો એક માત્ર શિવજી સિવાય કોઈએ ગ્રહણ ન કર્યું. એ જ રીતે મારે પણ આપ સૌનાં દૂષણો પચાવી દેવાં છે.'

અન્તે સૌને આશીર્વાદ આપી ગુરુદેવે પોતાનું વક્તવ્ય પૂરું કર્યું હતું.

જન્મદિવસ નિમિત્તે સવારથી જ અસંખ્ય ભક્તો તેમનું અભિવાદન કરવા આવી રહ્યાં હતાં. આવનાર સૌ ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે નવેકના સુમારે બ્રીચીઝ (સુરવાળ), કફની ને માથે સાફો ધારણ કરીને બિરાજેલા ગુરુદેવનું સ્વરૂપ અનેરું ને અનોખું તેમ જ અતિ આહ્‌લાદક લાગતું હતું. બપોરે એ જ પરિવેશ સાથે માથે ચાંદીનો મુગટ પરિધાન કરેલ ગુરુદેવ વેદજનની ગાયત્રીની પ્રતિકૃતિ સમા લાગતા હતા, તો નમતા પો'રે શ્વેત કફની ને શ્વેત સુતરાઉ ધોતિયામાં, માતાજીના ધ્યાનમાં લીન બનતાં મીંચાતી તેમની આંખો, નીચી નજર તેમની અંદરની સભરતાને વ્યક્ત કરતું એવું તેમનું સમગ્ર સ્વરૂપ એક દેવદૂત સમાન વર્તાતું હતું.

સમસ્ત વાતાવરણમાં આખાય દિવસ દરમિયાન અનેરા ઉત્સવનો આહ્‌લાદ નીતરતો જણાતો હતો અને થોડી થોડી વારે અલૌકિક સુવાસથી ગુરુદેવનો સમસ્ત પરિવેશ ઊભરાઈ જતો હતો. □



Scanned by CamScanner

# માતાજીનું આગમન

તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૭ને દિવસે પોતાના લાડલા દીકરાને આશીર્વાદ આપવા માતાજી સવારમાં પધારી ગયાં તેનું વર્ણન અત્રે પૂ. ગુરુદેવના શબ્દોમાં રજૂ કર્યું છે. ગુરુદેવે એ ક્ષણોનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે,

"તા. ૫–૯–૮૭ને શનિવારે સવારે હું મારા ઓરડામાં પૂજામાં હતો. મારા ઓરડાનું બારણું અર્ધખુલ્લું હતું તે તેની જાતે વસાઈ ગયું અને સ્ટોપર તેની જાતે જ બંધ થવાનો અવાજ આવ્યો એટલે હું એકદમ સાવધ થઈ ગયો અને માતાજીની પ્રતીક્ષા કરતો પલંગ પાસે નીચેના આસન પર બેસી ગયો. થોડીક ક્ષણોમાં પ્રકાશનો ઝબકારો થયો. માતાજી પ્રત્યક્ષ પધારી ખુરશી પાસે વચમાં ઊભાં રહ્યાં. મેં તેઓને વન્દન કર્યું. ત્યાર બાદ તેઓ પલંગની મધ્યમાં બેસી ગયાં. હું તેમના પગ પકડી ઢીંચણ પર માથું ટેકવી નત મસ્તકે બેસી ગયો.

માતાજીએ મારા માથે અને બરડા પર હસ્ત પસવાર્યા કર્યો. મારા કાર્યયજ્ઞ વિશે દસેક મિનિટ સૂચનો આપ્યાં. પછી મને કહે, 'પલંગ પર મારી પાસે બેસી જા.' મને થોડો સંકોચ થયો કે માતાજીની બાજુમાં બેસવું કે કેમ! મારો આ સંકોચ તેઓ પામી ગયાં હશે, જેથી તેમણે મને બન્ને ખભા પરથી ઊંચકીને તેમની બાજુમાં પલંગ પર બેસાડી દીધો. મને કહે, 'તું તો બાર (૧૨) વર્ષનો થયો.' આટલું કહ્યા બાદ તેમણે વાત્સલ્ય વરસાવતાં આલિંગન આપ્યું અને મારા જમણા ગાલે ચુંબન કર્યું. આજે માતાજી ખૂબ ખુશખુશાલ જણાતાં હતાં. થોડીક ક્ષણો બાદ મારા જમણા ગાલે બીજું ચુંબન કરી ફરીથી મને માતૃવત્સલ પ્રેમથી નાના બાળકને આપે તે રીતે આલિંગન આપ્યું. મને કહે, 'તારી શિસ્તની ભાવનાથી અને તારા કાર્યથી હું ખુશ ખુશ છું. તેના થકી મને તારા પર બહુ જ પ્રેમ આવે છે. તારે તારા માટે જે કંઈ કહેવું હોય તે મને કહે.' હું ચૂપ રહ્યો. પછી માતાજી કહે, 'તું અને 'તું'ના સંબોધનથી બોલાવ!'

પછી મેં માતાજીને કહ્યું, 'આપ આજે પધાર્યાં પરન્તુ આપના માટે અમે કોઈ તૈયારી કરી નથી કે કોઈ પ્રસાદી પણ અહીં રાખી નથી.' માતાજી થોડું હસ્યાં. તેમણે હવામાં હાથ પ્રસાર્યો ને તેમના હાથમાં પાંચ કાજુ અને પાંચ બદામનો પ્રસાદ આવ્યો. તેમાંથી એક બદામ લઈ માતાજીએ મને ખવડાવી અને પછી એક કાજુ ખવડાવ્યું. મેં પણ આ પ્રસંગે મોકો જોઈને સંકોચ દૂર કરીને માતાજીને મારા સ્વહસ્તે ત્રણ વખત એક એક બદામ અને એક એક કાજુ ખવડાવ્યાં. માતાજી ખુશ-ખુશાલ હતાં અને આરોગી ગયાં. માતાજી મને કહે, 'તું પણ ખા ને!' જેથી બાકી રહેલ એક બદામ અને કાજુ મેં મારી જાતે મોઢામાં મૂક્યાં અને ગલોફામાં મૂકી રાખ્યાં, જેથી તેની પ્રસાદી ઘરનાં સભ્યોને આપી શકાય. થોડીક ક્ષણો બાદ પ્રસાદી માટે કાજુ અને બદામ ગાલમાં જે બાજુ રાખ્યાં હતાં તે દબાવીને કહે, 'આ શું કામ રાખ્યું છે. તું ખાઈ જા.' જેથી તેઓની આજ્ઞાનુસાર હું ખાઈ ગયો.

ત્યાર બાદ માતાજીએ મને કહ્યું, 'માંગ, તારે જે જોઈતું હોય તે માંગી લે. આજે તું જે માગીશ તે તને આપીશ', હું મૌન રહ્યો. મને મનમાં થયું કે આજે બાર વર્ષે માતાજી મને પૂછે છે કે તારે શું જોઈએ છે? પરન્તુ મારા મનની વાતને વાચા આપી શક્યો નહિ. માતાજીએ એકદમ હાસ્ય કર્યું



Scanned by CamScanner

અને ફરીથી મને આલિંગન આપ્યુ. મેં કહ્યું કે 'તેં મને જમણા ગાલે બે વખત ચુંબન કર્યું તો શા માટે આ ડાબા ગાલને બાકી રાખે છે!' જેથી માતાજીએ હાસ્ય વેરતાં મારા ડાબા ગાલે આલિંગન આપીને એક ચુંબન કર્યું.

થોડીક ક્ષણો બાદ મેં કહ્યું કે 'હું તને એક નમ્ર સૂચન કરું છું કે ગઈ કાલે 'નીલેષા' પર લાઈનમાં ઊભા રહી, બૅટલ હાથમાં પકડી, પરિશ્રમ લઈને અંદર મુલાકાત માટે આવ્યાં તેનાથી હું બહુ જ વ્યથિત થઈ ગયો. તેં શા માટે આટલી તકલીફ લીધી? ફરીથી આવી તકલીફ લેશો નહિ.' આ સાંભળી તેઓએ મુક્ત હાસ્ય કર્યું. મારા વાંસામાં પ્રેમથી એક ધબ્બો માર્યો પરન્તુ કંઈ જ બોલ્યાં નહિ. થોડી વાર પછી મેં કહ્યું કે 'આજે આપે અહીં બીજી કોઈ પ્રસાદી રાખી નથી તો બધાને શું પ્રસાદી આપીશ?' માતાજીએ મને કહ્યું, 'તુ' જીવતી-જાગતી, હરતી-ફરતી પ્રસાદી જ છે ને!' આ સાંભળી મારા મનમાં વિચાર આવ્યો કે માતાજીનું કહેવું બરાબર છે. પરન્તુ ભક્તોને કંઈ પ્રસાદી આપવી પડશે ને! મારો આ વિચાર પામી જઈને તેઓએ મને કહ્યું, 'ઊઠ, તારા કબાટમાં કેસરની જે નાની ડબ્બી છે તે મને આપ.' જેથી મેં ઊઠીને કબાટમાંથી કેસરની ડબ્બી કાઢીને માતાજીના કોમળ હસ્તમાં મૂકી. તેઓએ ડબ્બી ખોલી જાતે ઊભાં થઈને પાણીના જગમાં કેસરની આખી ડબ્બી ઠાલવી દીધી અને જગ મોઢે માંડીને તેમાંથી પાણી પીધું. આ કાર્યવાહી ચાલતી હતી તે વખતે મીતાએ એક વખત ધીરથી બારણું ઠોક્યું હતું પરન્તુ તેને સુવાસ આવવાથી 'માતાજી કદાચ પધાર્યાં હશે' એમ વિચારી વધારે ખલેલ પહોંચાડયા વગર જતી રહી.

જગમાંથી પાણી પીધા પછી માતાજી પાછાં પલંગ પર આવીને મારી બાજુમાં બેસી ગયાં અને મારા માથે તથા બરડે હાથ પસવાર્યો. મેં એકાદ વખત ઘડિયાળ સામે જોયું તો કહે, 'ઘડિયાળ સામે શું જુએ છે?' અને ફરીથી પ્રકાશનો ઝબકારો થયો અને માતાજી અદશ્ય થઈ ગયાં. માતાજી સવારે ૭-૨૦ થી ૭-૪૪ એટલે કે ૨૪ મિનિટ સુધી રોકાયાં હતાં.

માતાજીએ ગોલ્ડ કલરની રેશમી ભરેલી સાડી બેંગાલી ઢબે પરિધાન કરી હતી. વાળની છૂટી સેર હતી. ગળામાં અને હાથમાં આભૂષણો હતાં. બહુ ઝગમગાટ નહોતો. ૩૦ વર્ષની યુવતી જેવાં દેખાતાં હતાં. આખા ઓરડામાં અને બહારના પેસેજમાં આહ્‌લાદક સુવાસ આવતી હતી. વાતાવરણ દિવ્ય, આનન્દમય અને સ્વર્ગીય લાગતું હતું.

□


મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ
**જમનાદાસ નાગરદાસ મોદી**
જનરલ મરચન્ટ
**'ભગવતી'**
ઉદવાડા – Rs. ૭૯૬૧૮૫ (ડિ. વલસાડ)






Scanned by CamScanner

# તપોભૂમિ 'નીલોષા'

'આધ્યાત્મિક કેડી 'ના વાચકોને વિદિત હશે જ કે, અમદાવાદમાં 'નીલોષા' બંગલામાં પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતના કાર્યક્રમનો આરંભ ૧૯૭૯ની તા. ૪ થી સપ્ટેમ્બરથી થયો હતો. માતાજીના પ્રાગટ્ય અને ગુરુદેવના આગમનની ખુશાલીમાં પ્રતિવર્ષ ૪ થી સપ્ટેમ્બરે એક નાનકડો કાર્યક્રમ યોજાય છે, તે મુજબ ગઈ તા. ૪થી સપ્ટેમ્બરે પણ પૂ. ગુરુદેવની નિશ્રામાં કેટલાંક ગુરુ ભાઈઓ અને બહેનોએ ભેગાં મળી 'નીલોષા'ના પ્રાંગણમાં આનન્દભેર ઉત્સવ ઊજવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં 'નીલોષા' દંપતી મુ. શ્રી નલિનકાન્તભાઈ અને ઉષાબહેને ગુરુદેવનું કુમકુમ–અક્ષતથી પૂજન કર્યું હતું. કેટલાંક ગુરુભાઈ–બહેનોએ પ્રસંગને અનુરૂપ ગુરુદેવની આધ્યાત્મિક શક્તિઓનું નમ્રભાવે વિશ્લેષણ રજૂ કર્યું હતું.

ગુરુદેવે આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું હતું કે, ' આધ્યાત્મિક ક્ષેત્ર–ઉપાસનામાં આગળ વધવા મેં ત્રણ–ચાર વર્ષ અગાઉ જે નવ સૂત્રો આપ્યાં હતાં તેનો તમે આજ દિન સુધીમાં કેટલો અમલ કર્યો, એને કેટલું અનુસર્યા તે તો મને ખબર નથી, પરન્તુ આ નવ સૂત્રોનું અલ્પાંશે પણ જો આચરણ કરવામાં આવશે તો જીવન ધન્ય બની જશે. એ જ રીતે 'નીલોષા'ની ભૂમિની ચરણરજનો જેને સ્પર્શ થશે તેનું જીવન પણ ધન્ય બની જશે.'

વધુમાં ગુરુદેવે જણાવ્યું હતું કે, 'મારી મુલાકાત દરમ્યાન વીતેલાં આઠ વર્ષોમાં મને લાગ્યું છે કે સોમાંથી ૫૦ ટકા લોકો એવા છે કે જેઓને આધ્યાત્મિકતામાં રસ નથી. ભક્તિમાં રસ નથી, મારામાં કે માતાજીમાં પણ રસ નથી, તેમને તો તેમના જ કાર્યમાં રસ છે. તેમનું કાર્ય સિદ્ધ થાય એટલે પછી માતાજીનું નામ લેવાનું યાદ આવતું નથી.

બીજા ૫૦ માંથી ૩૫ ટકા એવાં છે કે જેમને કંઈક મેળવવું છે, ભક્તિ કરવી છે, પણ સાંસારિક પળોજણોમાં એવાં ફસાયેલાં છે કે તેમ કરી શકતાં નથી.

છેલ્લે જે ૧૫ ટકા રહ્યા તેમને ભક્તિમાં કંઈક રસ છે. તેમને કંઈક મેળવવું છે, પામવું છે, તેમ છતાં ૧૫માંથી ૨ ટકા એવાં છે, જેઓ ખૂબ પવિત્ર છે, જેઓ સંસારમાં રહેવા છતાં પળોજણોમાં અટવાતા નથી, લેપાતા નથી ને તેમને આ ક્ષેત્રે જ આગળ વધવું છે.

હવે વધારે મહત્ત્વની વાત એ છે કે ગયા જાન્યુઆરી માસથી મને સતત મનમાં શંકા રહ્યા કરતી હતી કે માતાજી કદાચ લાઈનમાં મુલાકાત માટે તો નહિ આવી જાય ને?' આજે એ પ્રસંગ પ્રત્યક્ષ સામે આવી ગયો. આજે બપોરે 'નીલોષા' પર બપોરના ૧૨॥ થી ૧ વાગ્યાના સમય દરમ્યાનમાં સામાન્ય લાગતી એક સ્ત્રીએ ઓરડામાં પ્રવેશ કર્યો. તેઓ ખુરશીમાં બેઠાં. હાથમાં બોટલ હતી. બોટલ અભિમંત્રિત કરવા ટ્રિપોય પર મૂકી. મેં પૂછ્યું, 'શું તકલીફ છે?' મને કહે, 'માથું દુઃખે છે.' મેં જળ અભિમંત્રિત કર્યું, પણ એમને અન્ય શું સૂચન કરવું તે અંગે મને કશો જ ખ્યાલ ન આવ્યો. મેં ફરીથી જળ અભિમંત્રિત કર્યું, છતાં કોઈ જ ખ્યાલ ન આવ્યો. મને થયું કે મને આમ કેમ થાય છે? મને થયું કે તેમને માથે હાથ મૂકું. તેથી મેં તેમને કહ્યું કે 'લાવો, હું તમારે માથે હાથ મૂકું' કહી મેં હાથ લંબાવ્યો તો તે બહેન સહેજ અક્કડ થયાં.

મને કંઈ સમજાયું નહિ. મેં ત્રીજી વાર જળ અભિમંત્રિત કર્યું. તેમ છતાં મને કશો ખ્યાલ ન આવ્યો. મેં કહ્યું, 'બહેન, તમે સહેજ માથું નમાવો તો હું આપને માથે હાથ મૂકું'. તો ય બહેન વધારે અક્કડ થયાં. મને થયું કે આ કોઈ દિવ્ય શક્તિ હોય તેમ લાગે છે તેવું વિચારી મેં તેમના પગ તરફ નજર કરી તો એ પગ મને માતાજીના જેવા જ લાગ્યા. મેં તેમની સામે જોયું તો રૂપ બદલાઈને અલૌકિક થવા માંડ્યું. મને ખ્યાલ આવી ગયો કે આ તો માતાજી જ છે. તેમના ચરણમાં માથું મૂકવા હું મારી ખુરશીમાંથી ઊભો થવા ગયો તો મને અટકાવી દીધો. મોઢા પર આંગળી મૂકી ચૂપ રહેવાની સૂચના કરી. મેં કહ્યું, 'માતાજી, આપે શા માટે આટલી બધી તકલીફ લીધી? તમે જ્યાં કહ્યું હોત ત્યાં હું આવી જાત.' માતાજી મરક મરક મલકર્યાં. મેં પૂછ્યું, 'આપ ઘેર ક્યારે પધારશો?' તો ય તેઓ કશું બોલ્યાં નહિ. મરક મરક હસ્યાં. મને કહે, 'હું અહીંથી બહાર જાઉં ત્યાં સુધી તું કશું બોલીશ નહિ...' 'તો હું ક્યારે કહું?' મેં તેમને સામો પ્રશ્ન કર્યો. તેમણે સીધો જ પ્રત્યુત્તર વાળતાં કહ્યું. 'સાંજે કહેજે.'

હું તો માતાજીનો શિસ્તબદ્ધ સૈનિક છું, 'મને માતાજી જેમ હુકમ કરે તેમ હું કાર્ય કરું છું.' ગુરુદેવે અતિ વિનમ્રતાથી જણાવ્યું.

માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિની સૂક્ષ્મ અનુભૂતિઓનો આનન્દ ઘણો અલૌકિક હતો.

અન્તે પ્રસાદ લઈ સૌ છૂટાં પડ્યાં.

□

શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેક્ટરી : ૪૨૧૫૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી-કસબ ગીલીટ કરનાર

ડૉકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેક્ટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ, સુરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧



Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

[ગઈ તા. ૧૧મી જુલાઈ, ૧૯૮૭ના રોજ ગુરુપૂર્ણિમાની સંધ્યાએ પૂ. ગુરુદેવે જે પ્રવચન કર્યું હતું તેમાંથી ઉપસ્થિત થયેલા મુદ્દા અંગે પૂ. ગુરુદેવ સાથે થયેલ પ્રશ્નોત્તર અત્રે રજૂ કર્યાં છે. —સંપાદક]

**પ્રશ્ન :** આપ લોકોનાં આંસુને મોતી બનાવી દેશો તો પછી આપે રજૂ કરેલી કર્મની ફિલસૂફીનું શું ?

**ઉત્તર :** પણ પછી તરત જ મેં કહ્યું જ છે કે કર્મ તો દરેકે ભોગવવાં જ પડે છે એટલે કર્મના ચક્ર પર મેં ભાર મૂકયો જ છે. કર્મનો મેં નિર્દેશ કર્યો જ છે. કર્મ તો સનાતન સત્ય જેવું છે. આજે કરેલું કર્મ આવતી કાલે, આ ભવે કે આવતા ભવે ભોગવવાનું જ છે એ નિશ્ચિત છે.

કહેવાનું તાત્પર્ય એ કે વ્યક્તિ જ્યારે પરમતત્ત્વના–પોતાના ઈષ્ટના–માતાજીના શરણે જાય છે અને જ્યારે તેને કોઈ સન્તના–ગુરુના આશીર્વાદ સાંપડે છે ત્યારે તેના અસત્ કર્મોના નિવારણનો–સત્કર્મોના ઉદયનો કાળ નજીક આવી ગયો હોય તો ગુરુ–સન્ત, ઉપાસકનો આધ્યાત્મિક–આત્મિક શક્તિના બળે શક્ય તેટલી ત્વરાએ, અસત્‌ના નિવારણ અને સત્‌ને ઉદયમાન કરવાનો પ્રયત્ન કરે છે.

વ્યક્તિ અસત્ કર્મોના ઘોર અન્ધકારમાં સપડાયો હોય, જીવન ચારે કોરથી આંધીના–મુશ્કેલીના વમળમાં સપડાયું હોય ત્યારે પણ સન્ત–ગુરુ વ્યક્તિની–ઉપાસકની શ્રદ્ધા શરણાગતિ અનુસાર તેના દુઃખની–વેદનાની માત્રા કંઈક સહ્ય બનાવે છે. મહામુશ્કેલીના સમયમાં તેને ક્યાંયથી ને ક્યાંયથી કોઈ ને કોઈ રીતે મદદ આવી મળે છે ને તેનું કાર્ય ઉકેલાતુ રહે છે, જીવન ગતિ કરતું રહે છે.

માણસની મુશ્કેલીમાં પણ મદદ આવી મળે, અન્ધકારમાં પણ પ્રકાશની આછી આછી લકીરો એનો માર્ગ દર્શાવ્યા કરે તો એ પ્રકાશની લકીરોને આધારે ધીમે ધીમે પણ માર્ગમાં આગળ વધતા રહેવાય છે.

અહીં પણ શ્રદ્ધા અને શરણાગતિનું મહત્ત્વ ફરી પ્રસ્થાપિત કરું તો અનુચિત નહિ લેખાય.

વ્યક્તિમાં–ઉપાસકમાં સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ હોય, ને કર્મના ચક્રમાં તે અટવાતો હોય ત્યારે તે જોઈને મારું અન્તર ખૂબ અકળાઈ ઊઠે છે ને મને થાય છે કે તેની મુશ્કેલ, તેની આધિ–વ્યાધિ–ઉપાધિને દૂર કરી દઉં કે તેનું દુઃખ સહ્ય બને એવી શક્તિ આપવા માતાજીને પ્રાર્થના કરું.

આખરે કર્તાહર્તા તો મારે મન માતાજી જ છે. હું કંઈ જ કરતો નથી. હું તો માતાજીના આદેશ ને પ્રેરણા–સંકેત અનુસાર ચાલુ છું. પણ લોકો દુઃખી થઈને આંસુ સારતા મારી પાસે આવે છે ત્યારે મને અંદરથી થાય છે કે એનાં આંસુ મોતી કરીને પાછા આપું.

**પ્રશ્ન :** ગુરુદેવ, પ્રવચન આપનો વિષય નથી તેમ છતાં પ્રસંગોપાત્ત ગહન ને મનનીય વાતો રજૂ કરો છો તો તે વેળા આપને એવું કહેવાનું ક્યાંથી સૂઝે છે ?

**ઉત્તર :** પ્રવચન એ મારો વિષય નથી જ નથી, તેમ છતાં ઉપાસકોને પ્રસંગોપાત્ત કંઈક વિશેષ માર્ગદર્શન મળી રહે તે હેતુથી માતાજીની પ્રેરણા–આંતર સ્ફુરણાથી હું કંઈક કહેવા તત્પર બનું છું. બાકી, મારી પાસે એક જ વાત છે કે શ્રદ્ધા અને શરણાગતિથી મા–બાળકનો સમ્બન્ધ કેળવી ગાયત્રી–

મહામંત્રની ત્રણ માળાને દૈનિક ક્રમમાં વણી લો. પણ આ એક જ વાત કેટકેટલાં રહસ્યો છતાં કરી શકે છે, એમાં કેવી શક્તિ છુપાયેલી છે તેની સ્પષ્ટતા કરવા ક્યારેક માતાજી જે ને જેવું સુઝાડે તેવું બોલું છું. મારી પાસે બીજી કોઈ ગહન ફિલસૂફી નથી.

**પ્રશ્ન** : આપે ભક્તોની કુટેવો–દૂષણો–વ્યસનો દાનમાં માંગ્યાં હતાં. આપ એનું શું કરશો ?

**ઉત્તર** : વ્યક્તિએ-ઉપાસકે મન, વચન ને કર્મથી પવિત્ર રહેવાની–પોતાનાં સઘળાં દૂષણો–વ્યસનોથી અલિપ્ત થઈ જવાની આવશ્યકતા છે. સઘળી મલિનતાનો પરિહાર કરવો જરૂરી છે. આ બધું હું જ્યારે દાનમાં માંગી લઉં છું ત્યારે મને તો એનો સ્પર્શ થઈ શકે એમ નથી, એનો ખપ પણ નથી, પરન્તુ વ્યક્તિ કે ઉપાસક એ બહાને વ્યસનોથી મુક્ત બનવાનો, દૂષણોનો ત્યાગ કરવાનો સંકલ્પ કરે છે, બલ્કે એ રીતે સર્વને મન, વચન ને કર્મથી સઘળી રીતે પવિત્ર બનાવવાનો એક તરીકો છે.

એ દૂષણોનો–કુટેવોનો ત્યાગ કરવાથી વ્યક્તિ સન્માર્ગે વળી ઉપાસનાને અભિમુખ બનશે ને ઉપાસનાના–જપના એ યજ્ઞમાં વ્યક્તિનાં દૂષણો હોમાઈ જશે. મારી પાસે એ દૂષણોનો ખડકલો થવાનો નથી.

**પ્રશ્ન** : આપે કહ્યું હતું કે આંખો બંધ કરી ઊંઘી જતો નથી પણ ભક્તોની મૂંઝવણો કેવી રીતે દૂર થઈ શકે તે અંગે વિચારી રહ્યો હોઉં છું, તો તે કેવી રીતે ?

**ઉત્તર** : આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિ મારી રુબરુ મુલાકાતે આવી તેમની હકીકત મને દર્શાવે અથવા મૂંઝવણ વેળાએ મને અથવા માતાજીને મનોમન યાદ કરે, જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મારા સતત સંપર્કમાં રહે છે, તેઓની સહાય માટેની યાચના, તેમના આર્ત પોકારો મારા દિલમાં સ્પર્શી જાય છે. આપે અનુભવ્યું હશે કે ઘણીવાર રુબરુ મુલાકાતમાં કહું છું કે 'થઈ જશે', 'પ્રયત્ન કરીશ', 'જોઈએ' મારાં આ બધાં વચનોની પૂર્તિ અર્થે હું આપની સમક્ષ કે એકલો બેઠો હોઉં ત્યારે માતાજીની સાથે આ બધી મૂંઝવણોના ઉકેલ અંગે માર્ગદર્શન મેળવવાનો મારો પ્રયાસ શરૂ થાય છે. ઉપાસકની શ્રદ્ધા–શરણાગતિ અનુસાર, તેને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન–સહાય મળી રહે છે ને તેના અવરોધો દૂર થતા જાય છે.

**પ્રશ્ન** : ગુરુદેવ, આપના આદેશ અનુસાર મારી યથાશક્તિ–મતિ, શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક ગાયત્રી મંત્રના જપ કરું છું. માતાજીની કૃપાના અનેક અનુભવો થયા છે ને થાય છે. પણ લાગે છે કે માની કૃપા જે રીતે વરસી રહી છે તેના પ્રમાણમાં હું કંઈ જ સેવા–ભક્તિ કરી શકતી નથી. શું મારો આ અસંતોષ છે ? આપ કંઈક માર્ગદર્શન આપશો.

**ઉત્તર** : બહેન, પરમતત્ત્વ–ઈશ્વર–માતાજી ગમે તે કહો, એ અસીમ ને અનન્ત છે. અગાધ સાગર જેવાં છે. તમે કે કોઈ પણ વ્યક્તિ એમાં સંપૂર્ણપણે તરબોળ થઈ જવા ઇચ્છો તે સારી વાત છે. પણ પરમતત્ત્વ એટલું વિશાળ, અનન્ત ને અસીમ છે કે એને બાથ ભરવા, એમાં એકાકાર થઈ જવા, સામાન્ય મનુષ્યના પ્રયત્નો ઊણા ઊતરે તે સ્વભાવિક છે. પણ એટલું યાદ રાખજો કે એ પ્રયત્નો એળે કદી નથી જવાના. એ તો સંચિત થતા રહેવાના છે. ને આજે નહિ તો કાલે, આ ભવે નહિ તો આવતે ભવે તે સાથે જ આવવાના છે રહેવાના છે. જેટલું બને તેટલું કર્યા કરવાથી ક્રમશઃ આધ્યાત્મિક બેન્ક, ઉપાસનાની સિલક જમા થતી રહેવાની છે. એ કોઈક દિવસે કામ આવશે. તમારી આ લાગણી અસન્તોષ નથી, બલ્કે માની–પરમતત્ત્વની–પરમાત્માની–જે તમે માનતા હો તેની વધુ ને વધુ નજીક જવાની ખેવના છે, ઉત્કટતા છે, ઝંખના છે.

□



Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં ....



દરરોજના નિયમ પ્રમાણે સાયંકાળે કૂટિરમાં દર્શન–સાન્નિધ્યનો લાભ મેળવવા કેટલાંક ભક્તો અમસ્તાં જ આવીને બેઠાં હતાં. ઠંડો, મધુર પવન વાઈ રહ્યો હતો. ગુરુદેવનો ઝૂલો થોડો થોડો ઝૂલતો હતો. થોડીક પળોનું મૌન તોડી ગુરુદેવે વાતનો પ્રારંભ કર્યો. ટેલિવિઝન પર દર રવિવારે દર્શાવાતી 'રામાયણ'ની શ્રેણીનાં વિવિધ પાસાંઓની ચર્ચા કૂટિરમાં ચાલી રહી હતી ત્યારે ગુરુદેવે એક પ્રસંગ વર્ણવતાં જણાવ્યું હતું કે,

"ઘણાં વખત પહેલાંની વાત છે. મુંબઈમાં મારી વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ હતો. લાઈનમાં એક ભાઈ મારી મુલાકાતે આવ્યા. મને કહે,

'આમ તો હું સાધન–સમ્પન્ન છું, પણ મારા ભાઈ પાસે આફ્રિકામાં કેટલીક મિલકતો છે, તેમાંથી મને ઘણો ઓછો હિસ્સો મળ્યો છે. તે મેળવવા માટે મારા ભાઈ પર દાવો માંડવો છે...'

મેં તેમને માતાજીનો ફોટો આપ્યો. એ ફોટા નીચે લખેલો ગાયત્રી મંત્ર બતાવી ત્રણ માળા કરવા કહ્યું, રામાયણનો ગ્રંથ વાંચવા જણાવ્યું ને છ માસ પછી મળવા કહ્યું. તે ભાઈને રામાયણ શું છે તેની ખબર નહોતી. બહારથી મેં એક કાર્યકર્તા ભાઈને બોલાવી રામાયણ શું છે તેનો ખ્યાલ

આપવા તેમ જ તેનું પ્રાપ્તિસ્થાન દર્શાવવા કહ્યું. તે ભાઈ રામાયણ લઈને ઘેર ગયા. છ મહિના પછી મને પાછા મળ્યા. મેં તમને પૂછ્યું, 'બોલો ભાઈ, હવે તમારે દાવો માંડવો છે?'

મને કહે, 'ના, હવે મારે દાવો નથી માંડવો.' કહી તેની નજર નીચી ઝૂકી ગઈ."

ગુરુદેવે આમ વાત પૂરી કરી. બેઠેલા સૌના મુખ પર એક પ્રકારની કશુંક જાણ્યાની, સમજ્યાની, પ્રાપ્ત કર્યાની લાગણીના ભાવો તરી આવ્યા હતા. અંદર કંઈક સભરતાનો આનન્દ ઊભરી આવતો લાગતો હતો.

આજે મિલકતના ઝઘડા ઘેર ઘેર થઈ રહ્યા છે ત્યારે ગુરુદેવનું આ સૂચન (રામાયણ વાંચવાનું) સૌને પ્રેરક બની રહે તેમ છે.

વ્યક્તિ ને તેની તમામ ભૌતિક સુવિધાઓ, માલ-મિલકત, પૈસા, વાડીવજીફા, બધું જ નાશવંત છે. મનુષ્ય જન્મે છે પ્રારબ્ધ લઈને, જાય છે પોતાનાં કર્મો લઈને. બાકી બધું જ એ અહીં મૂકી જાય છે તો પછી એવી ક્ષણભંગુર-નાશવંત ચીજ માટે સગા ભાઈ સાથે વૈમનસ્ય રાખવાનો શો અર્થ?

જે રામે પોતાના ભાઈ ખાતર રાજપાટનો ત્યાગ કરી વનવાસ ભોગવ્યો, જે ભરતે અનાયાસે આવી મળતી રાજગાદીનો, ભાઈ પ્રત્યેના પ્રબળ પ્રેમ ને ભાવનાથી, અસ્વીકાર કર્યો ને એને આધારે એક મોટું શાસ્ત્ર રચાયું; જે ચિરકાળપર્યન્ત માનવસમાજ માટે નિદર્શન રૂપ બની રહ્યું, તેના વાચન-સેવન-અભ્યાસ-મનનથી વ્યક્તિમાં રહેલી દુષ્ટ વૃત્તિઓ-વિકારોનો નાશ થાય છે. તેનામાં સદ્‌બુદ્ધિનો આવિર્ભાવ થાય છે.

આવા ગ્રન્થનું વાચન કરવાનું ગુરુદેવનું સૂચન પણ સૂચક છે.

પૂ. ગુરુદેવની ભક્તિ-ઉપાસના-આધ્યાત્મિકતા માત્ર માળાના મણકાઓમાં જ સમાયેલી નથી. તેઓએ સઘળી માયા-પળોજણોથી પર બની એક માત્ર વેદજનનીમાં સમસ્ત અસ્તિત્વને એકાકાર કરી દીધું. આત્મ સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો. જેમણે ઈષ્ટ આરાધ્ય તત્ત્વ સાથે અદ્વૈત સાધ્યું તેને જીવન, જગત, સંસારનાં ઇષ્ટ-અનિષ્ટ રહસ્યોનો તાગ પ્રાપ્ત થઈ જાય છે. ઇષ્ટની સ્થાપના અને અનિષ્ટના પરિહાર અર્થે તેઓ આધ્યાત્મિકતાના આશ્રયે લોકસેવાનું કાર્ય આદરે છે. પૂ. ગુરુદેવે પણ એ જ રીતે લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. વ્યક્તિગત મુલાકાત દ્વારા તેઓ દીન-દુઃખિયાંઓને માર્ગદર્શન આપે છે; એમાં પણ સ્થૂળ ઉપાસના નથી. માળાના મણકા ગણવા સાથે જીવનને મન, વચન ને કર્મથી પવિત્ર કેવી રીતે રાખવું, તે પણ સૂચવે છે, તેનો આ રીતે અનુભવ કરાવે છે. ઇષ્ટ અને અનિષ્ટને ઓળખવાનું દષ્ટિવન્ત નેતૃત્વ તેઓ પૂરું પાડે છે.

સામાન્ય મનુષ્ય કે ઉપાસક ઇષ્ટ-અનિષ્ટનો પરિચય મેળવી, મન, વચન ને કર્મથી પવિત્ર રહી આમ પુરુષાર્થ આદરે તો જીવન સુવાસમય બની રહેશે. વ્યક્તિ પાસે ગમે તેટલી ભૌતિક સુવિધા હોય તો ય તેને સંતોષ નથી. વ્યક્તિનો અસંતોષ-લોભ જ તેને અવળે માર્ગે-અવનતિને માર્ગે લઈ જાય છે. રામાયણ ને એવા અનેક ગ્રન્થો વ્યક્તિને આવી રીતે સમ્પૂર્ણ નિષ્કામ, લોભ-લાલચથી પર, સંતોષી ને સદાચારી બનવાની પ્રેરણા આપે છે.

☐



Scanned by CamScanner

# આત્મગુંજન : ૧૪

ડૉ. કાન્તિલાલ કાલાણી

**સંકલ્પ કયારે બળવાન બને છે?** મનની પૂરેપૂરી એકાગ્રતા હોય, સંકલ્પ પાછળ દૃઢ આધાર હોય, કાર્ય પૂરું કરવાનો નિશ્ચય હોય.

**તત્ત્વનો સાક્ષાત્કાર અથવા અનુભૂતિ કોણ કરી શકે?** જેણે જીવનનો યથાવત્ સાક્ષાત્કાર કર્યો હોય, જેનો દેહાધ્યાસ છૂટી ગયો હોય, જેનો અહંકાર નામશેષ થયો હોય, જેણે તત્ત્વની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકારી હોય.

**સર્વ ગુણ-સંપત્તિઓનું આધારસ્થાન શેમાં રહેલું છે?** મનોનિગ્રહમાં, વૃત્તિઓ પરના અંકુશમાં, જ્ઞાનમાર્ગમાં, ક્રમશઃ મનને કાબૂમાં લેવામાં આવે છે. મલિન વાસનાના ત્યાગ દ્વારા, સન્ત સમાગમ દ્વારા, તેમજ અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ દ્વારા.

**જીવનવિષયક સન્દેહો કયારે ટળે?** મન દ્વન્દ્વરહિત થાય, મન કોઈ પણ જાતના ઉપદ્રવો વિનાનું થાય, નિષ્કામ બને, ચંચળતાવિહોણું થાય, શોક, મોહ અને ભયરહિત થાય ત્યારે.

**સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ કયારે થાય?** અન્તઃકરણરૂપી દીવાલ વચમાંથી ખસી જાય, મનને કિનારે જ મુકામ રહે, વિકાર માત્ર શાંત થઈ જાય, વૃત્તિઓ રૂપી બુદ્‌બુદો ન ઊઠે અને આવેગો શમી જાય.

**મોહની શક્તિ શેમાં રહેલી છે?** દુર્ગુણમય કે દોષસંપન્ન હોય એવા પદાર્થ કે વ્યક્તિમાંથી અળગા કે મુક્ત નથી થવાતું તે મોહની શક્તિને લીધે. આપણી પ્રકૃતિને શું રુચિકર છે અને શું અરુચિકર છે તેની જાણકારી હોવા છતાં શરીરને હાનિ પહોંચાડનાર પદાર્થને છોડી શકાતો નથી તે મોહને કારણે જ. રોગીને જાણ હોય છે કે ભારે ખોરાક કે તળેલા પદાર્થો તેને માટે ઝેર સમાન છે, છતાં તે તેને છોડી શકતો નથી, કારણ કે એવા ખાદ્ય પદાર્થો પ્રત્યે તેને આકર્ષણ છે.

**દુર્ગુણોને પરાજિત કરવાનો ઉપાય શું?** ભગવાનને કર્તાસ્થાને રાખી સદ્‌ગુણોનો આશ્રય લેવો, પોતે સ્વપરાક્રમથી દુર્ગુણોને પરાજિત કર્યા છે એવો ભાવ રહે તો અહંકાર જન્મે અને અહંકાર દુર્ગુણોના સમ્રાટ જેવો છે.

પુરુષાર્થ અને સત્કર્મો કરવાં, ભોગવૃત્તિમાંથી મુક્તિ મેળવવી, અને સેવાવૃત્તિ કેળવવી.

**જીવનરૂપી રથ પ્રગતિ સાધે તે માટે શું કરવું?** એને ચાર અશ્વો જોડવા. આ અશ્વો જુદી જુદી જાતના છે : (૧) પરોપકાર, (૨) ઈન્દ્રિયો પરનો સંયમ, (૩) સામર્થ્ય અને (૪) બુદ્ધિમત્તા. ચાર અશ્વોથી હંકારાતા જીવનરથમાં સામર્થ્ય અને બુદ્ધિમત્તાના અશ્વોને આગળ ન રાખી શકાય, કારણ કે સામર્થ્ય અને બુદ્ધિનો દુરુપયોગ થઈ શકે છે એટલે જીવનરથને આગળ ધપાવવા ઇન્દ્રિયનિયમન અને પરોપકારના અશ્વ આગળ રહે અને પરોપકારની પાછળ સામર્થ્યનો અને ઇન્દ્રિયનિયમનની પાછળ બુદ્ધિનો અશ્વ રહે એટલે કે સામર્થ્યનો ઉપયોગ પરોપકાર માટે અને બુદ્ધિનો ઉપયોગ ઇન્દ્રિયોને નિયમનમાં રાખવા માટે થાય.

**જીવનરથને હંકારતા અશ્વોને લગામ જરૂરી ખરી?** હા. ચારેય અશ્વોને વિવેકની લગામ હોવી આવશ્યક છે. વિવેકરૂપી લગામ દ્વારા સામર્થ્ય, બુદ્ધિમત્તા, ઇન્દ્રિયનિયમન અને પરોપકારરૂપી અશ્વોનું સંચાલન થાય તે ઇષ્ટ છે.



Scanned by CamScanner

**જીવનરથનો સારો સારથિ કોણ બની શકે?** ભક્તિથી તરબોળ થયેલું જ્ઞાન.

**કામવાસનાનાં નિવાસસ્થાનો ક્યાં છે?** રાગ-દ્વેષવાળું મન, બુદ્ધિ, દસ ઇન્દ્રિયો.

**કામવાસનાથી કોણ હાર અનુભવે છે?** ભોગવિલાસમાં રસ લેનારા.

**પરમાત્મા નિર્ગુણ છે કે સગુણ?** નેત્રોથી જોઈએ તો સગુણ, હૃદયથી જોઈએ તો નિર્ગુણ. પરમશક્તિને કોઈ સીમામાં બાંધવી અથવા એકાંગી બનાવવી તે એને ન સમજ્યા બરાબર છે.

**સદ્‌ગુણ સંપન્ન થવાનો ઉપાય શું?** ઈશ્વરમય થઈ જવું, ઈશ્વરનો વાસ હોય ત્યાં સદ્‌ગુણો આવીને વસવા માંડે છે. સદ્‌ગુણો ભગવાનની સેવામાં ઉપસ્થિત રહે છે. એટલે ઈશ્વરની હાજરીમાં વ્યક્તિએ સદ્‌ગુણો માટે ચિંતા કરવી પડતી નથી.

**મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સાથે કોને કોને સંબંધ છે?** મન સાથે કામ, ક્રોધ, લોભ વગેરેને, બુદ્ધિ સાથે વિવેક, વૈરાગ્ય, નિશ્ચયને, ચિત્ત સાથે શમ, દમ અને તપને, અહંકાર સાથે સત્, ચિત્ત અને આનન્દને સંબંધ છે.

**સત્કાર્ય કરવામાં ક્યારે સફળતા મળે?** કાર્ય કરતી વખતે અહં ન હોય, સ્પર્ધા કે મોટા થવાનો ખ્યાલ ન હોય, નમ્રતા અને અન્ય પ્રત્યે આદરભાવ હોય તો.

**મનુષ્યને તૃષ્ણા દોરી રહી છે કે પરમ શક્તિ તેની શી રીતે જાણ થાય?** તૃષ્ણા દોરી રહી હોય ત્યારે સ્વાર્થજન્ય વાસનાઓ પ્રદીપ્ત થાય, આસક્તિની માત્રા વધે, આસુરી ગુણો વર્ધમાન થાય, ઇન્દ્રિયો સક્રિય બને.

પરમ શક્તિ દોરતી હોય ત્યારે વાસનાઓનો ક્ષય થાય, અનાસક્તિ સ્થિર રહે, દૈવી ગુણોનો ઉદય થાય, આનન્દ માટે ઇન્દ્રિયોનો આશ્રય ન લેવો પડે.

**વર્તમાનને સુધારવા મનુષ્યે શેનું ચિંતન કરવું જોઈએ?** પસાર થયેલી રાત્રીનું, પાછલાં બધાં વર્ષોનું અને જીવતી ક્ષણનાં પરિણામોનું.

**જીવનને ધન્ય કરવા કયો માર્ગ ગ્રહણ કરવો?** તટસ્થ રહી જાતને ફંફોસવાનો એટલે કે અન્તર્યાત્રાનો માર્ગ, જે માર્ગે જવાથી અજ્ઞાનનો કાટ ઘસાઈ જાય અને ભક્તિ, ધર્મ, સદાચાર વગેરેથી આત્માની પ્રતીતિ થાય.

**કોની પવિત્રતા સાચવવા જેવી?** મનની અને તનની.

**પવિત્રતાને શેનો આધાર છે?** સદાચારનો.

**પવિત્રતા ક્યા ઘરમાં નિવાસ કરે છે?** જે ગૃહમાં કલેશ કે કંકાસ નથી, પણ સ્નેહ અને સભ્યતા છે. શુભ આચાર-વિચાર છે, સંપ અને સંતોષ છે, પ્રભુભક્તિ છે, સ્વચ્છતા માટેની તાલાવેલી છે.

**ધર્મનું બીજ ક્યાં પાંગરે છે?** સરળતા અને સચ્ચાઈ હોય ત્યાં.

**કોઈ કાર્ય અઘરું હોય તો તેને સહેલું કરવાનો ઈલાજ શું?** અઘરા કાર્યને છોડી દેવાને બદલે તેને અવારનવાર કર્યા કરવું, એને એટલી બધી વાર કરવું, કે એનું અઘરાપણું ન રહે, કાર્યની જેની પાસે જાણકારી હોય તેની સલાહ લેવી, એ કાર્ય સહેલું કેમ થાય તે વિશે ચિંતન કરતા રહેવું અને સંપર્કમાં આવનારને પૂછતા રહેવું.

**વાસ્તવિક સુખ શેમાં રહેલું છે?** વૈરાગ્યવૃત્તિના સેવનમાં.



Scanned by CamScanner

**આંતરિક વિકાસ માટેનો રામબાણ ઇલાજ કયો?** સ્વ-દોષોને ઓળખવા-પારખવા અને એ દોષોમાંથી મુક્ત થવાય તે માટે પૂરેપૂરી જાગૃતિ રાખી નિષ્ઠાપૂર્વક તેમને દૂર કરવા પ્રયત્નશીલ રહેવું, જ્ઞાની પુરુષો સાથે સત્સંગ કરવો, અનુભવી પુરુષોનો સહવાસ કરવો, સદ્‌ગુણોનો સરવાળો, બુરાઈઓની બાદબાકી, ભ્રમનો ભાગાકાર.

**કેવું વર્તન ઉત્તમ ગણાય?** જે સહજ હોય, નિર્દોષ હોય, અન્યને શાંતિ અને આનન્દ આપનાર હોય, જેમાં કોઈ ગણતરી ન હોય, જે વર્તનમાં રાગ-દ્વેષ ન સંકળાયેલા હોય.

**મનને અથવા જીવને રોજ શું કહેવું જરૂરી છે?** અનિવાર્ય હોય તેટલી જ વાણી બોલવી, પ્રિય અને સત્ય વાણી બોલવી. અહીં બધું ક્ષણભંગુર છે એમ સમજી વ્યવહાર કરવો.

ભોગ ભોગવવાની વૃત્તિ ન રાખવી, સ્વાર્થને બદલે પરોપકારનો વિચાર કરવો, આડા-અવળા ન જવું, લક્ષ્ય ભણી જ નિરંતર ગતિ કરવી, જે નિયમો કર્યા હોય તેને વળગી રહેવું, કર્તા-ભાવ ન રાખવો, કશામાં કૂદી પડવાનું નથી, તટસ્થ ભાવે બધું જોવાનું છે.

□

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS). A. M. I. E. (INDIA)

**JANAK ENTERPRISE**

1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008

# સાચી ઉપાસના અન્તરાયોને પાર કરવામાં છે.

સમયના વહેણની સાથે પરંપરાગત માન્યતાઓ-રૂઢિઓનું ખંડન કરી, એમાંથી બહાર આવવું જોઈએ અને નવીન રચનાત્મક અભિગમો અપનાવવા જોઈએ. સમયના વહેણની સાથે જીવનમૂલ્યો અને જીવનધોરણો પણ બદલાતાં જાય છે, છતાં પણ સમાજનો મોટો ભાગ પરંપરાગત રૂઢિઓ–માન્યતાઓમાંથી બહાર આવતો નથી કે આવવા માગતો નથી. વ્યક્તિનું માનસ જૂનાં-સ્વીકારેલાં ગૃહિતોને છોડવા તૈયાર નથી. જીવનપદ્ધતિમાં પણ પરિવર્તન થઈ રહ્યું છે, છતાં આપણે પરંપરાગત માન્યતાઓ-રૂઢિઓમાંથી મુક્ત થઈ શકતા નથી. ઉચ્ચ નીચ, ગરીબ–તવંગર, પુત્ર–પુત્રી કે સ્ત્રી-પુરુષના ભેદભાવો આજે પણ આપણા સમાજમાં ઠેરઠેર જોવા મળે છે.

આજે સ્ત્રીઓ પુરુષ–સમોવડી બની ગઈ છે. પુરુષો જેટલાં જ કાર્યો સ્ત્રીઓ પણ કરી શકે છે. પરિવારની પ્રત્યેક જવાબદારી પુરુષની હેસિયતથી ઉઠાવી શકે છે, પુરુષને પગલે પગલે, એની જોડાજોડ રહી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પોતાની શક્તિનું, પોતાના સામર્થ્યનું નિદર્શન કરી રહી છે. છતાં આજે આપણાં ઘણાંખરાં કુટુંબોમાં પુત્રની મહત્તા અનેકગણી આંકવામાં આવી રહી છે. પુત્રજન્મનું વિશેષ કુતૂહલ આજે પણ જોવામાં આવે છે.

કોઈપણ કુટુંબમાં કોઈપણ દમ્પતીને પુત્રજન્મની તીવ્ર આકાંક્ષા રહે છે અને એ સ્વાભાવિક પણ લેખાય. એકાદ–બે પ્રસૂતિમાં જ પુત્ર–પુત્રીની આકાંક્ષા પરિપૂર્ણ થઈ જતી હોય તો તો દંપતીનું સદ્નસીબ, પણ પુત્રજન્મની પ્રતીક્ષામાં ને પ્રતીક્ષામાં પુત્રીજન્મનું પ્રમાણ વધતું જ જાય ત્યારે દમ્પતીનું હૃદય અસાધારણ અજંપો અનુભવે છે. પુત્ર–પુત્રીના જન્મની બાબત આખરે તો દમ્પતીની ભાવના પર અવલંબે છે. એટલે એમની ભાવનાને સદંતર છેદ ઉડાવી ન દઈ શકીએ એને પરમ્પરાગત માન્યતા કહો કે વ્યક્તિની ભાવનાશીલતા, ગમે તે પણ આ એક હકીકત છે.

પુત્રજન્મની પ્રતીક્ષામાં પ્રસૂતિનું પ્રમાણ વધતું જ જાય છે. સ્ત્રીનું શારીરિક સ્વાસ્થ્ય પણ તેથી કથળતું જાય છે. સામાન્ય માનવીના કુટુંબમાં બાળકોનો ઉમેરો થતો જાય છે અને કુટુંબનિર્વાહનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. કારણ કે, આજના મોંઘવારીના જમાનામાં અનેક બાળકોનું પોષણ કરવું અતિ કપરું છે. આની સાથે જ શારીરિક–માનસિક–કૌટુમ્બિક અનેક વિકટ પ્રશ્નો ઉદ્ભવતા રહે છે. જ્યાં એક સુલઝાવવા જતાં બીજો, ત્રીજો એમ અનેકવિધ પ્રશ્નો ઉપસ્થિત થતા રહે છે.

આવી વેળા પણ પોતાના કોઈ પણ ઇષ્ટદેવની શરણાગતિ કે કોઈક સિદ્ધપુરુષનું માર્ગદર્શન માનવીની ભાવનાને પરિપૂર્ણ કરવા સમર્થ નીવડી શકે છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

દાહોદના શ્રી ગજેન્દ્ર પંચાલ લખી જણાવે છે :

'માણસ જો શ્રદ્ધા રાખીને બેસે તો તે જરૂરથી સફળ થાય છે. પોતાના ગમે તે ઇષ્ટદેવ હોય, પરંતુ અડગ શ્રદ્ધા ને વિશ્વાસ હોય તો પોતાના ઇષ્ટદેવ જરૂરથી સફળતા અપાવે છે. હું મારો અનુભવ પ્રસ્તુત કરું છું.



Scanned by CamScanner

મને તેમ જ મારી પત્નીને ગુરુદેવનાં દર્શન અને આશીર્વાદ મળ્યા. ગુરુદેવ સાથે મારી પરિસ્થિતિની વાતચીત થઈ. મારે સાત છોકરીઓ હતી. છોકરો નહોતો. ગુરુદેવ તરફથી આશીર્વાદ મળ્યા અને તેમણે 'જીવનજળ' આપ્યું. જળ ચાલુ રાખવા તેમજ મને ત્રણ માળા અને મારી પત્નીને એક માળા કરવાનો તેમણે આદેશ આપ્યો.

સમય પાણીના વહેણની જેમ પસાર થતો રહ્યો. મારી પત્નીને ગર્ભ રહ્યો. દસમા માસે પુત્રીજન્મ થયો. પરંતુ તેથી જરાય નિરાશા કે મનમાં સંકોચ વગર 'ભગવતીને જે ગમ્યું તે ખરું. તેની ઇચ્છા હશે તેમ થયું", માનીને મેં તેમ જ મારી પત્નીએ ગુરુદેવના આદેશ અનુસાર માળા ચાલુ રાખી. સમય જતાં હું એકલો જ ગુરુદેવનાં દર્શને જવા લાગ્યો. ગુરુદેવને સઘળી વાતો કહી. ગુરુદેવના મુખમાંથી નીકળેલા શબ્દો ટાંકું છું: 'ભગવતી દયાળુ છે. તેને બધું સોંપી દો. તે જરૂરથી કલ્યાણ કરશે. તેની શરણાગતિ સ્વીકારી લો.' ગુરુદેવનાં દર્શન કરી હું ઘેર આવ્યો. બીજે દિવસથી ફરીથી 'જીવનજળ' શરૂ કર્યું.

સમય વહેતો ગયો. મારી પત્નીને ફરી ગર્ભ રહ્યો. અડધી બાટલી જેટલું જળ ખલાસ થઈ ગયું હતું. મેં વિચાર કર્યો કે આ બાટલીનું જીવનજળ લગભગ ત્રણ માસ જેટલું ચાલશે અને મારે અમદાવાદ જવાનું થશે ત્યારે નવું જીવનજળ લઈ આવીશ. પણ મારાથી તેમ થયું નહિ. જે બાટલીમાં 'જીવનજળ' હતું, તેમાં કોઈ ઉમેરો કરતું હોય તેમ જીવનજળ નવ માસ સુધી એટલે કે બીજા ૭ માસ જેટલું ચાલ્યું, જે એક આશ્ચર્યની વાત છે.

દિવસો વીતતાં મને ચિંતા થવા લાગી. પણ મેં અને મારી પત્નીએ માની શરણાગતિ સ્વીકારી હતી તેથી બધી ચિંતા મા ભગવતીને સોંપી દીધી.

દર માસે તબીબી તપાસ કરાવતાં તબીબોનું મન્તવ્ય હતું કે તમો હવે ઓપરેશન કરાવી દો. બહેનનું ગર્ભાશય અંદરથી સડે છે અને તેમની અશક્ત તબિયતને લીધે ગર્ભાશય બહાર આવી જાય છે. માટે તમારે ગર્ભાશય કઢાવી નાખવું પડશે. આ છેલ્લી ડીલીવરી–પ્રસૂતિ–સુવાવડ છે.

મારી અધીરાઈનો અન્ત આવ્યો અને તા. ૨૬ મીને રવિવારે સાંજે ૬ ક. ૧૫ મિ. હોસ્પીટલમાં બાબાનો જન્મ થયો. હું તેમ જ મારી છોકરીઓ આનંદના અશ્રુ સાથે મા ભગવતી ગાયત્રીને મનોમન વંદી રહ્યા. મા ભગવતી જરૂર આપણી કસોટી કરીને પાર પાડે છે.

મા ભગવતી ગાયત્રી તેમ જ ગુરુદેવ માટે મારી પાસે બીજા કોઈ શબ્દો નથી.'

જીવનમાં મહત્ત્વ તો ઈષ્ટ આરાધ્ય તત્ત્વની કેવળ ઉત્કટ શ્રદ્ધા અને શરણાગતિનું છે. ઈશ્વરને શરણે જનાર વ્યક્તિ જીવનમાં ધારી સફળતા પ્રાપ્ત કરી શકે છે તેનો આ પુરાવો છે. પણ એણે ધીરજ રાખવાની આવશ્યકતા છે. પરમાત્મા ઉપાસકની કસોટી કરે છે. એની શરણાગતિ ને શ્રદ્ધાના, એની ભાવનાના ઊંડાણને માપવા માટે ઉપાસકની ઇચ્છા વિરુદ્ધનું પણ ફળ આપે છે. તેથી જ તો ઈશ્વરની લીલા અકળ અને અગૂઢ કહેવાય છે.

જ્યારે ઇચ્છા વિરુદ્ધનું ફળ મળે તો પણ જે વ્યક્તિ પોતાની શ્રદ્ધા અને શરણાગતિમાંથી ચલિત થતી નથી. ધૈર્ય ને નિષ્ઠાપૂર્વક પોતાની ઉપાસનામાં લીન બની રહે છે, તે જીતે છે, સફળ બને છે. શરણાગતિનો અર્થ શો? એ સારું ફળ આપે તોય 'જેવી તમારી મરજી' કહી નત મસ્તકે એણે પ્રેરેલ–મોકલેલ ઘટનાઓ–સફળતાઓ–નિષ્ફળતાઓનો સ્વીકાર કરી લેવો એમાં જ સાચી શરણાગતિનું રહસ્ય છે.

ઉપરોક્ત પ્રસંગમાં બન્યું તેમ સાત સાત પુત્રીઓના જન્મ પછી પિતા પુત્રજન્મની પ્રબળ આકાંક્ષા રાખે છે, તો ય આઠમું સન્તાન પુત્રી જ જન્મે છે. છતાં ય ઉભય પતિ-પત્ની શ્રદ્ધા અને શરણાગતિમાંથી ચલિત થયા વિના મા ગાયત્રીના ઉપાસનામાં લીન બની રહે છે ને નવમું સન્તાન પુત્રરૂપે અવતરે છે! માતાજી શરણાગતની કેવી કસોટી કરે છે! ઉભય પતિ-પત્નીની અડગ શ્રદ્ધા, ઉત્કટ શરણાગતિ ને ધૈર્ય આધિ-વ્યાધિ-ઉપાધિગ્રસ્ત પ્રત્યેક મનુષ્યને માટે પ્રેરક બની રહેશે.

અહીં એ વાત પણ યાદ રાખવી ઘટે કે, આ પ્રમાણે ઘણા લાંબા સમય પછી પણ મનુષ્ય-ઉપાસક ધારી સફળતા પ્રાપ્ત કરે જ છે, એવું હરહંમેશ નથી બનતું. એથી ઉલટું માનવી જીવનમાં સરિયામ નિષ્ફળતા જ પ્રાપ્ત કરે છે એવું પણ બને છે. એ માતાજીની ઇચ્છાનો પ્રશ્ન બની રહે છે. પ્રારબ્ધની-નસીબની-ઋણાનુબન્ધની વાત બની રહે છે. એમાં પણ માતાજીનો સંકેત કોઈક શુભ જ હોય છે. ગુરુદેવે કહ્યું જ છે કે ભૌતિક સફળતા-નિષ્ફળતાને ઉપાસના સાથે કોઈ સમ્બન્ધ નથી. મનુષ્યજીવનનું-ઉપાસકનું પ્રમુખ ધ્યેય તો કેવળ ઉપાસના કરવાનું-માતાજી સુધી પહોંચવાનું છે. માતાજી સુધી પહોંચવાના માર્ગમાં આ ને આવી અનેક બાબતો અન્તરાયરૂપ-કંટક સમાન બની રહે છે. એ અન્તરાય-એ કંટકોને પાર કરીને પણ આપણે ઉપાસનામાં પ્રવૃત્ત રહીએ તે જ ઇષ્ટ છે, એ જ સાચો ઉપાસક છે.

□

મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002



Scanned by CamScanner

# મૌન

કુ. પૂર્ણિમા ભગતજી

**मौनम् सर्वार्थ साधनम्** – એ ઉક્તિ સુવિદિત છે. મૌન સર્વ અર્થોને-હેતુઓને સિદ્ધ કરવાનું સાધન છે. મૌનથી બધું જ સિદ્ધ થઈ શકે છે. જીવન, સંસાર અને આધ્યાત્મિકતા પણ. આ કેવી રીતે બને ?

## વાણીનો વિરામ અને વ્યવહાર

વાણી એ તો વ્યવહારજગતનું એક સાધન છે. એ વાણી બંધ થઈ જાય તો વ્યવહાર કેવી રીતે ચાલી શકે ? એટલે વ્યવહાર માટે વાણી જરૂરી છે. આપણો વ્યવહાર ક્યારેય પૂરો થતો નથી ને આપણી વાણી ક્યારેય વિરામ પામતી નથી. વાણીનો વિરામ અને વ્યવહાર એકી સાથે કેવી રીતે સંભવી શકે ?

વાણીના વિરામ અને વ્યવહારનું એક સાથે પ્રવર્તન મૌન સર્જે છે.

સામાન્ય રીતે વાણીનો અભાવ એટલે મૌન એવું આપણે સમજીએ છીએ, પણ એ સ્થૂળ અર્થ છે.

વ્યવહારના સાધનરૂપ વાણીનો યથોચિત વિનિયોગ આવશ્યક છે. ખપ કરતાં વધારે બોલતો માનવી બાલિશ અને ત્રાસરૂપ લાગે છે, તેમ સદાય મૌન રહેતો માનવી મીંઢો લાગે છે. વાણીનો વ્યવહાર અને વિરામ, બંને જરૂરી છે. વાણીના વ્યવહાર અને વિરામની વચ્ચેની પળોમાં કંઈક શાંતિનો, સ્વસ્થતાનો, આનન્દનો અનુભવ થાય છે. સતત કાર્યની પળોમાં મોઢું-જીભ બોલવાનું બંધ કરે તો કાર્ય ઝડપથી ને શાંતિથી પૂર્ણ થાય છે.

## મૌનનો પ્રભાવ

માન માનવીના જીવનવ્યવહારમાં ઉપયોગી બની રહે છે. અહીં મૌન એટલે ખામોશી, સહનશીલતા અને ધીરજ. કૌટુમ્બિક કે અન્યત્ર મતભેદો સર્જાતાં બન્ને પક્ષ મૌન ધારણ કરે તો ક્યાંય ઝઘડા ઉદ્ભવતા નથી. એ ત્યાં જ શમી જાય છે. આપણે જ્યાં નોકરી કરીએ છીએ, ત્યાં આપણા બધા જ સહકાર્યકર્તાઓ સાથે હળીમળીને રહીએ, પણ ખપ કરતાં વધુ વાત ન કરીએ અને મૂંગા મૂંગા આપણે સતત આપણા કાર્યમાં રત રહીશું તો આપણે કોઈના હાથા, કોઈની મેલી રમતનો ભોગ ન બનીએ.

આ રીતનું મૌન માનવીના મનના કપટને ધોઈ નાખે છે. મૌનનું કાર્ય એ જ હોઈ શકે. હૃદયની સરળતા મૌનમાં આવીને વસતી હોય છે.

મૌન રહીશું કે ઓછું બોલીશું તો એક પ્રકારની શક્તિનો સતત સંચય થાય છે. આ શક્તિના સંચયથી વાણીમાં એક પ્રકારનું બળ આવે છે, સચ્ચાઈ આવે છે. એમાં સત્યનો રણકો ભળે છે. વાણીની શક્તિને નકામી વાતો કે ક્ષુલ્લક ચર્ચાઓમાં વેડફી ન નાખવું જોઈએ.

## માનસિક તપશ્ચર્યા

શ્રીમદ્ ભગવદ્ગીતામાં મૌનને માનસિક તપશ્ચર્યાના એક પ્રકાર તરીકે ઓળખાવાયું છે. જે વાચા ઉપર કાબૂ મેળવે છે તેની વાણીમાં શાંતિ સ્થાપન કરવાનું બળ આપોઆપ ઉદ્ભવે છે. કુટુંબમાં



Scanned by CamScanner

ઝઘડો થતાં, અન્ય મતભેદના અવસર પર કે બીજી કોઈ પણ બાબત પર વડીલોની વાતની ભારે અસર થાય છે, તેનું કારણ તેઓની જીવનભરની માનસિક તપશ્ચર્યા જ છે.

માનવીના આકર્ષક વ્યક્તિત્વનાં કેટલાંક લક્ષણો છે. તેમાં તેની વાણીનો પણ સમાવેશ થાય છે. વ્યક્તિની મીઠી, ધીરી, શાંત, સ્વસ્થ ને સત્યસભર વાણી તેને આદરપાત્ર બનાવે છે. વાણી અમૃત પણ ફેલાવે છે અને વિષ પણ ફેલાવે છે. વાણી હંમેશ મર્યાદાશીલ, વિવેકી અને કોઈની પણ લાગણી ન દુભવે એવી સરળ ને નિર્મળ હોવી જોઈએ એવી વાણીમાં શ્રી અને સરસ્વતી બન્ને આવી વાસ કરે છે. એ વાણી પ્રભુ સાથે પણ અનુસન્ધાન કરાવી આપે છે.

વાણીના સમગ્ર વ્યવહારને, તેના વલણને, તેના પ્રવર્તનને સદા સંયમિત અને સીમિત બનાવવાનો પ્રયત્ન કરવો જરૂરી લાગે છે. સમ્પૂર્ણ મૂંગાં રહેવા કરતાં વિવેકથી બોલવું મુશ્કેલ છે. આપણે જુદા જુદા પ્રકારના માણસો સાથે સમ્પર્કમાં આવવું પડે છે, તેઓ સાથે કામ કરવું પડે છે. તેઓની પાસેથી કામ લેવું પણ પડે છે. તે વેળા ધીરજ, સંયમ, પ્રેમ, મૃદુતા, લાગણી અને સહાનુભૂતિસભર વાણીનો વિનિયોગ કરીશું, તો પરસ્પરને માટે અનેક પ્રકારની સાનુકૂળતા આપોઆપ ઉદ્‌ભવે છે. આ મૌન માનવીની સ્વસ્થતાને પણ અભિવ્યક્ત કરતું હોય છે. મૌન માનવીના હૃદયની ભાવનાઓને, પ્રેમને, લાગણીને પણ વ્યક્ત કરે છે. મૌન સમ્મતિસૂચક પણ હોઈ શકે છે. જ્યાં પ્રેમની ભરતી છે, પ્રેમનું ઊંડાણ છે ત્યાં મૌન છે. ઘણી વાર પ્રેમની અભિવ્યક્તિ મૌન દ્વારા પણ થાય છે.

## મૌનમાં ધુંધવતી વેદના

માનવીની મનોવેદના પણ ક્યારેક મૌનનું રૂપ ધારણ કરે છે. જીવનની એક યા અન્ય સમસ્યાઓ, આપત્તિઓ, મૂંઝવણોથી આઘાત પામેલો માનવી એવો દિગ્મૂઢ થઈ જાય છે કે તેની વાચા જ હણાઈ જાય છે. તેની આંખમાંથી એકધારી અશ્રુધારાઓ વહે જાય છે, ભીતરમાં વેદનાનાં મોજાં ધુંધવાટ કરતાં હોય છે. એ વેદના એટલી તીવ્ર હોય છે કે મનુષ્ય બોલી પણ નથી શકતો. આવે વખતે મનુષ્યની વેદનાના પહાડને ઓગળી જવા દઈને, તેના વેદનામય મૌનને બોલકો બનાવવાની આવશ્યકતા વધારે રહે છે. આ સ્થિતિમાં મૌન જરા પણ ઇપ્સિત નથી, ને કદાચ એ મૌન તેના જીવનનું ઘાતક પણ બની શકે છે.

આ તો ભૌતિક સ્તરની વાત થઈ.

આપણે મૌનને આધ્યાત્મિક ભૂમિકાએ તપાસવાનો પ્રયાસ આદરીએ.

## ભીતરની સભરતાનું મૌન

આપણે આરંભમાં જોયું કે મૌન એ સર્વ અર્થો–હેતુઓનું સાધન છે. આપણા–મનુષ્યના બધા અર્થો–હેતુઓમાં આધ્યાત્મિક હેતુ પણ સમાઈ જાય છે–સમાઈ જવો જોઈએ.

ભવાટવીમાં અટવાતો માનવી જ્યારે પોતાના ઇષ્ટની શરણાગતિ સ્વીકારી શ્રદ્ધાપૂર્વક ઉપાસના આદરે છે, ઉપાસનાના ક્રમને નિયમિત ને નિરંતર બનાવે છે ત્યારે તેની ઉપાસનાનું સાતત્ય ઇષ્ટ સાથે અનુસન્ધાન કરાવી આપે છે. માનવીની સઘળી ભૌતિક અભીપ્સાઓ–એષણાઓ ક્રમશઃ વિલીન થઈ જાય છે. જીવનના–સંસારના ક્ષણિક સુખો પ્રત્યે તેને વિરતિ જાગે છે ને તે મન, વચન ને કર્મથી ઇષ્ટની ઉપાસનામાં વધુ ને વધુ જોડાવાનો સંકલ્પ આદરે છે. તેની શ્રદ્ધા સબળ બને છે, તેની શરણાગતિ તીવ્ર બને છે, સ્મરણમાં સાતત્ય આવે છે. શાશ્વત અને સાત્ત્વિક પ્રેમની અનુભૂતિ તેના અંતરમાં ઉદ્‌ભવ્યા કરે છે ને માનવીના સમસ્ત અસ્તિત્વ ને અલૌકિક આહ્‌લાદથી ભરી દે છે.



Scanned by CamScanner

અસ્તિત્વ જ્યારે અલૌકિક આહ્‌લાદ અને પ્રશાંતિથી ઊભરાઈ જાય છે ત્યારે ઈષ્ટની ઝાંખીની, દર્શનની કે એવી કોઈ એષણા નથી રહેતી. અંદર આનન્દનો ઓઘ ઊછળ્યા કરે છે. ઉપાસકનું–માનવીનું ચિત્ત સત્‌ સ્વરૂપના આનન્દમાં લીન બની જાય છે. એ સચ્ચિદાનન્દ કહેવાય છે. સત્–સત્ય–પરમ ઋત્–પરમ ચેતના સાથે અનુસન્ધાન-જોડાણ થતાં આનન્દ સિવાય કશું જ બાકી રહેતું નથી. અંદરનો એ આનન્દ, ભીતરની એ સભરતા માનવીને–સાધકને–ઉપાસકને મૌન બનાવે છે.

## મૌનમાં નિજાનન્દની અનુભૂતિ

કહેવાનું તાત્પર્ય કે આવા ઉપાસકની વાણી આપોઆપ સંયમિત બની અંદર ઊતરી જાય છે. એનો અર્થ એવો નથી હોતો કે તેઓ સાવ મૌન રહેવાનું પસન્દ કરે છે. તેમની વાણી સિદ્ધવાણી બની જાય છે. તેઓ જે બોલે તે પ્રમાણે થાય છે એટલે કે બનાવનાં એંધાણ તેઓને પ્રથમથી જ વરતાઈ જાય છે.

સ્વની ચેતનાનું પરમ ચેતના સાથે જોડાણ થતાં, સચ્ચિદાનન્દનો અનુભવ થતાં તેવા ઉપાસકનાં સઘળાં વૃત્તિ, વલણો અને વ્યવહારો સંયમિત બની અન્તર્મુખી થઈ જાય છે. તેની સઘળી આશાઓ–અપેક્ષાઓ ઓગળી જાય છે. તે કેવળ 'તે'માં લીન બની રહે છે, ત્યાં મૌન આપોઆપ ઉદ્ભવે છે. વાણીના સઘળા વ્યાપારો અંદર ઊતરીને સ્થિર, શાંત ને સંયમિત બની જાય છે, ત્યારે મૌન સર્જાય છે. ચિત્તના અંદરના ઉધામાઓ–અશાંતિઓ શમી જઈને–પ્રશાંત થઈને ચિત્તમાં પરમાનન્દના ઓઘ ઊછળવા લાગે છે, ત્યારે પેલી અંદરની પ્રશાંતિ મૌન સર્જે છે. એ પ્રશાંતિ – એ મૌન નિજાનન્દનો અનુભવ કરાવે છે ને નિજાનન્દ મૌન સર્જે છે.

## સરસ્વતીદેવીનો આવિર્ભાવ

વાણીમાં સરસ્વતી દેવીનો વાસ છે. સરસ્વતીદેવી વાણી દ્વારા આવિર્ભાવ પામે છે. વાણી જ્યારે અન્તર્મુખી બને છે ત્યારે તે સરસ્વતીદેવી સાથે અનુસન્ધાન સાધે છે, તેથી જ તો તે સત્ય વાણી – સિદ્ધ વાણી ઉચ્ચારાવે છે ને તે કલ્યાણકારી નિવડે છે. આવી વાણી મોટે ભાગે સન્તો જ સિદ્ધ કરી શકે છે. તેઓએ એવી સિદ્ધિ પ્રાપ્ત કરી હોઈ સન્તોની વાણી જીવન, જગત, સંસાર અને આધ્યાત્મિકતાનાં આગવાં દર્શનો રજૂ કરે છે.

## પ્રશાંત અવસ્થા

મૌનની આ દશા અહંશૂન્યતા પણ દર્શાવે છે. અહંનું વિગલન અને નિજાનન્દની મસ્તી ઉપાસકને–મનુષ્યને મૌન બનાવી દે છે. અહંનો નાશ થતાં ને પરમતત્ત્વ સાથે અનુસન્ધાન સધાતાં મૌન અનાયાસે જ આવી પડે છે. એ મૌન અંદરની જ એક પ્રશાંત અવસ્થા છે. પણ વ્યક્તિ જ્યારે આયાસપૂર્વક મૌન ધારણ કરે છે ત્યારે તેમાં અહં ભારોભાર હોય છે.

## ઇન્દ્રિયોની નિવૃત્તિ

વ્યક્તિની બધી જ ઇન્દ્રિયો પોતપોતાની વૃત્તિ–પ્રવૃત્તિ, વ્યવહાર, વર્તન ને વલણમાંથી નિવૃત્ત થઈ જાય અને એક માત્ર પરમ તત્ત્વની ઉપાસનામાં જ પ્રવૃત્ત થાય એ મૌનનો વિશાળ અર્થ છે. અંદરની પ્રશાંતિ ત્યારે જ ઉદ્ભવે કે જ્યારે બધી જ ઇન્દ્રિયો તેના સ્વ-ભાવમાંથી નિવૃત્ત થઈ પરમ ભાવમાં એકાગ્ર બને. એમાંથી જ નિજાનન્દ ઉદ્ભવે છે. એ નિજાનન્દ દ્વારા જ પરમતત્ત્વ સાથે આત્મિક અનુસન્ધાન સાધી શકાય છે.



Scanned by CamScanner

## અંદરના કોલાહલનું શમન

મૌન એક વ્રત તરીકે પણ સ્વીકારાયું છે. ઘણા માણસો અમુક વારે કે વ્રતમાં મૌન ધારણ કરે છે. આ મૌન મોટે ભાગે એક આયાસ જ હોય છે. અન્તરમાંથી મૌન અનાયાસે ઉદ્ભવે એ જ ઉચિત છે. કેવળ મોઢું બંધ કરીને મૌન પાળવું, પણ મન-અંતરમાં વૃત્તિઓ-વિષયો-કામનાઓ-ક્રોધ ઊછળ્યા કરતાં હોય, મોઢું ભલે બંધ હોય, પણ અંદર ઘણો કોલાહલ થયા કરતો હોય તો એ મૌન ન કહેવાય. મૌનમાં અંદરનો કોલાહલ સમ્પૂર્ણ શમી જઈને, પ્રશાંતિ પામીને ચિત્ત, સમગ્ર અસ્તિત્વ ઇષ્ટના સ્મરણમાં જ લીન બની રહે એ વિશેષ ઉચિત છે.

ઉપાસનાનો અભિગમ કેળવી જેઓ ઉપાસનાને અભિમુખ બન્યા છે તેઓએ આ પ્રમાણે અંદરના કોલાહલોને-કામનાઓને-વૃત્તિઓને-વિષયોને-ક્રોધને-કામને શમાવવાની જરૂર લાગે છે. મનના સઘળા વ્યાપારોને પ્રશાંતિ તરફ વાળવાનો પુરુષાર્થ આદરવાનો છે. આપણા પર જ્યારે ક્રોધ હુમલો કરે ત્યારે ઇષ્ટના સ્મરણ-જપથી મનના વ્યાપારોને માતાજીના સ્વરૂપમાં વાળવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે એકાગ્રતા કેળવાય છે, અંદરથી પ્રશાંતિ ઉદ્ભવે છે ને નિજાનન્દનો અનુભવ થાય છે. નિજાનન્દમાં વ્યસ્ત ને મસ્ત રહેતાં અસ્તિત્વ પરમ ચેતનાની પ્રખર ને પ્રબળ અનુભૂતિનો લહાવો પ્રાપ્ત કરે છે.

જીવન-વ્યવહાર તો સરળ બને છે જ, કારણ મૌન ધારણ કરવાથી સંઘર્ષ-ક્લેશ જન્મતા નથી ને તેથી માનસિક શાંતિનો ભંગ થતો નથી. માનસિક શાંતિ અલૌકિક આહ્‌લાદનો અનુભવ કરાવે છે. મૌનની ભૂમિકાએથી સર્જાતી આ એક પરિસ્થિતિ છે.

## સાન્નિધ્યની ક્ષણોમાંથી

પૂ. ગુરુદેવનાં દર્શન કરતી વેળા, તેમના સાન્નિધ્યમાં બેઠાં હોઈએ ત્યારે આત્માની સમૃદ્ધિ, સત્ત્વશીલતા, અંદરની સભરતા, શક્તિ તેમના મુખ પર ઝળક ઝળક થતી જોવા મળે છે. માનવીના ચહેરાની રેખાઓ પ્રતિપળ બદલાતી રહે છે. સન્તોના-શાસ્ત્રીજીના મુખ પર એકસરખી આત્માની મુદા (આનંદ)ની રેખાઓ શાતાકારી ને સંતર્પક નીવડે છે.

પારસમણિના સ્પર્શે લોહ કનક બને છે તેમ ગુરુદેવના સાન્નિધ્યના સંસ્પર્શથી આત્માની મુદા (આનન્દ) પેદા કરવાનો, ખિલવવાનો ને તેમાં મસ્ત રહેવાનો, એવા સચ્ચિદાનન્દની અનુભૂતિ કરવાનો પુરુષાર્થ કેળવાશે તો ય જીવ્યું સાર્થક લેખાશે.

પૂ. ગુરુદેવના સાન્નિધ્યની શરૂઆતથી જ મેં જોયું છે કે તેઓ મિતભાષી છે. તેમની વાણી ખૂબ જ મર્યાદિત છે. કેટલીક વાર તો તેઓ સમ્પૂર્ણ મૌન સેવે છે, પ્રત્યુત્તરમાં કેવળ પ્રેમપૂર્ણ સ્મિત-સભર દૃષ્ટિપાત ને આશિષની મુદ્રામાં ઊંચકાતો તેમનો હાથ, તેઓ કશું જ બોલતા નથી, આધ્યાત્મિકતાની ઊંડી ફિલોસોફી સમજાવતા નથી, કે રસ પડે તેવી ચર્ચા નથી કરતા, છતાં તેમના મૌનપૂર્ણ કે મિતભાષી સાન્નિધ્યમાં આનન્દના-શાંતિના ગાઢ આશ્લેષમાં સમાઈને બેસી રહેવું ગમે છે. આસપાસના પર્યાવરણનો કોઈ જ ખ્યાલ નથી રહેતો. અંદરથી એકધારા જપ ચાલ્યા કરે છે તો ક્યારેક જપ બંધ પણ થઈ જાય છે ને અંદરથી એક પ્રલમ્બ શાંતિનો લય ઉદ્ભવી રહે છે. એ મૌનપૂર્ણ નિરવ શાંતિ છે. કોઈક અગોચર પ્રદેશમાં ક્યાંક ખોવાઈ ને ખૂંપી જવાય છે. આ શું છે તેની મને ખબર નથી. પણ અનુભૂતિની આ પળોમાંથી, પૂ. ગુરુદેવના સાન્નિધ્યના સંસ્પર્શની ક્ષણોમાંથી મને મૌન અંગે જે વિચારો, વિશદતા, દર્શન ( perception ) પ્રાપ્ત થયાં તે અત્રે રજૂ કરવાનો મારો ઉપક્રમ છે. એમાં આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કે બીજી કોઈ મૂળભૂત રીતે ક્ષતિ હોઈ શકે છે. આ કેવળ મારા સ્વાનુભવ પર આધારિત અભિવ્યક્તિ છે.

□

Scanned by CamScanner

# વેદમાતાના વહાલપનો વારિધિ

[ તારીખ "૫ મી સપ્ટેમ્બર ને શનિવારે વેદમાતા ગાયત્રીએ સદા સ્મરણીય પૂજ્ય ગુરુદેવને સાક્ષાત્ દર્શન આપી, પોતાના વહાલસોયા લાલ એવા પૂજ્યશ્રીને જે લાડ લડાવ્યાં, તે સમગ્ર પ્રસંગ-વર્ણનનું કાવ્યમાં નિરૂપણ કરવાનો આ નમ્ર પ્રયત્ન, સદ્‌ગુરુની પ્રેરણાપ્રસાદી થકી કર્યો છે. અસ્તુ. ]

[ હરિગીતિકા છંદ ]

શનિવાર ને વીસ તેંતાલીસ વિક્રમ સંવતની સાલમાં,
ભાદ્રપદ સુદ બારસે પ્રગટી ઉષા હજુ હાલમાં.
પરમેશ્વરી પ્રગટી પ્રભાતે સમીપે નિજ બાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની! ૧

સોનવર્ણે 'શ્રી'કારી ને રેશમી ભાત સાડી શોભતી,
છૂટી સેર કાળા કેશની વળી આભૂષણે બહુ ઓપતી.
ને વદનારવિંદે વિલસી રહી ભાવોર્મિ ખુશખુશાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની! ૨

જ્યાં લાલ લાડકવાયાએ નિજ જનનીનું દર્શન કર્યું,
ઝૂકયો ચરણમાં ભાવથી નતમસ્તકે વંદન કર્યું.
માથું મૂકયું જ્યાં ખોળલે મા હસે અખિલજગપાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની! ૩

માડીજાયાના મસ્તકે મૃદુ હસ્ત માતાનો ફરે,
નિજ કર્મયોગી બાલને મા સૂચનો કંઈ કંઈ કરે.
'મુજ પાસ આવ, બિરાજ!' કરે આજ્ઞા શું કમાલની!
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની. ૪

શરમાળ અતિ આ બાળ-બસ, નતમસ્તકે બેસી રહ્યો,
સંકોચ પામી બાળનો હસી જનનીએ સ્કંધે ગ્રહ્યો.
નિજ લાલને પડખે લઈ વર્ષા કરી એણે વહાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની! ૫



Scanned by CamScanner

થંભી ગયાં — પળ, ક્ષણુ, સમય : દૃશ્ય જોવા એ બધું,
મા વેદની વહાલપનો વારિધિ ઘૂઘવે વધુ ને વધુ.
પસવાર્યો પીઠે હસ્ત ને કીધી ઉમ્ર બારહ સાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૬

અતિ ધન્ય એ ક્ષણુ ! લાલને જનનીએ આલિંગન કર્યું,
નિજ બાળને – શરમાળને ગાલે મીઠું ચુંબન કર્યું !
ભરે ફરી ફરી જનની ચૂમી જાયાના જમણા ગાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૭

“તુજ શિસ્ત કેરી ભાવના ને કાર્યથી હું ખુશ રહું,
તેના થકી તુજ પરે પુષ્કળ પ્રેમ મને લાલા ! કહું.
તુજ વિશે તું કંઈ બોલ”, એમ જનની વદે છે દયાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૮

જગ કાજે બહુ બહુ બોલતો : બોલ્યો ન નિજ વિશે કંઈ,
નિજ લાલને પિછાણુતી જનની યે મીઠું હસી ગઈ.
‘તું’ કાર કરવાનું કહ્યું ! એ સીમા સ્નેહ–સવાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૯

જાણી જ્યાં વાત પ્રસાદની નિજ લાલમુખે માત તે,
પ્રસાર્યો દક્ષિણુ હસ્ત આવ્યા બદામ–કાજુ હાથ તે !
ખવરાવે જાણે બદામક કાજુ યશોદા મા નંદલાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૦

મોકો નિહાળી માતમુખે બદામ–કાજુ અર્પિયાં,
નિજ લાલની જોઈ લાગણી હસી માત આરોગી ગયાં.
“ખા ને તું પણુ !” કહે માવડી દયાળુ–હૃદય–વિશાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૧

વળી, એક કાજુ બદામ એક આ યોગીએ આરોગિયાં,
કૃપાળુ ! કોમળ હૃદય ! કાજુ–બદામ ગાલે રાખિયાં.
હસી આ નિહાળે મીઠી ચોરી બાર સાલના બાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૨



Scanned by CamScanner

'શાને આ બાકી રાખિયું ?' મા કે' દાબી તેના ગાલને,
કહ્યું 'ખાઈ જા' ખાઈ ગયો ! 'માવડીયો' કહુ શું લાલને ?
બોલી બાર વર્ષે મા : 'જોઈતું આપું લે માગી ચાલની',
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૩

'આજ બાર વર્ષે માવડી મને માગવાનું કહી રહી',
મૌન ધારી, મન વિચારી, લાલે નિજ ઈચ્છા કહી :
'એ ચુમીઓ દીધી ગાલ જમણે, ખતા શું ડાબા ગાલની ?'
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૪

આલિંગે ફરી ફરી અગોચરી હસી બાળને પડખે લઈ,
વરસાવી વર્ષા વહાલની એણે વામગાલે ચુમી દઈ.
અશકયતા વર્ણન તણી મા ના લાલની, મા ના વહાલની !
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૫

આવી અચાનક યાદ પછી નિલોષા-પ્રસંગની લાલને,
'કરશો નહિ એવું કદી' કહે 'દુઃખ થાશે તુજ બાલને'.
ખિહુઁસી મા 'શાસ્ત્રીજી' ભૂલ્યા નથી વાત હજુ ગઈ કાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૬

પછી પૂછે પરમારથી : 'સહુને મા પ્રસાદી શું દઉં ?'
કહે માત, 'તું છે જાગતી-જીવતી પ્રસાદી મુજ કહું !'
ઝણુઝણુતી વીણા ભક્તો કાજે સુણી લાલ-હૈયા તાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૭

કરી આજ્ઞા કેસર લીધું, જગે કાલવી સઘળું દીધું,
સ્વહસ્તે ગ્રહી જગજનનીએ મુખ માંડી થોડું જળ પીધું !
થયાં ધન્ય લાખો બાળ-ખસ, ઇચ્છા થકી વહાલા બાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૮

પળ-પળ વીતે પૂરજોશમાં ના જ્ઞાન ઉભયને રહ્યું,
ત્યારે અચાનક ધ્યાન બાળકનું ઘડી સામું ગયું.
તે નિરખી જનની કહે, 'શું સામું જુએ ઘડિયાળની ?'
~~જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૧૯~~



Scanned by CamScanner

પુનઃ પલંગે પધારી બાજુએ બિરાજતી નિજ લાલની,
પસવારે પરમેશ્વરી પીઠે ને મસ્તકે હસ્ત બાલની,
અહો ! આવી જનની જેની એને શી ફિકર મહાકાલની !
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૨૦

આશિષ અર્પી લાલને : અતિ તેજના ઝબકારમાં,
અગોચરી અદૃશ્ય થઈ ગઈ આંખના પલકારમાં !
રંગાઈ ’ગ્યો આજ લાલ–લાલિમા વહાલના ગુલાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૨૧

પ્રસંગ પાવન અતિ બન્યો સૂણી આંખડી થૈ ગૈ ભીની,
વહાલી, અતિવહાલી છે માવડી; પછી રહી શી ગમગીની ?
સમર્થ સદ્‌ગુરુદેવ છે વળી, સીમા નથી ‘મુંજ’ વહાલની,
જય જય હો જગજનની તમારો, જય હો તારા લાલની ! ૨૨

રચયિતા :
મુંજાલ દવે–‘મુંજ’

□

## વિનંતિ

## મંત્રલેખન-સ્થાપન

પૂજ્ય ગુરુદેવના નવા નિવાસસ્થાને મા ગાયત્રીના સ્થાનક અને શક્તિપ્રદાન સારવાર કેન્દ્રના પાયામાં ગાયત્રી–મંત્રના લેખનનું સ્થાપન કરવાનું હોવાથી, જે કોઈએ ગાયત્રી-મંત્રલેખન કર્યું હોય કે મંત્રલેખન કરવાની ઈચ્છા ધરાવતાં હોય તેમણે ગાયત્રી મંત્રલેખન કરી જૂન ૧૯૮૮ સુધીમાં ‘નિલોષા’ના સરનામે લખી મોકલવા વિનંતિ છે.



Scanned by CamScanner

# સમાચાર

* તા. ૨૦–૧૦–'૮૭થી તા. ૧–૧૧–'૮૭ સુધી પૂજ્ય ગુરુદેવ 'નીલોષા' પર મળી શકશે નહીં.

* તા. ૨૭–૧૦–'૮૭ લાભપાંચમ મંગળવારના દિવસે સુરતમાં, તા. ૨૮–૧૦–'૮૭ થી તા. ૨૯–૧૦–'૮૭ બુધ–ગુરુવાર વ્યક્તિગત મુલાકાત અને જીવનજળનો પ્રોગ્રામ

  સમય : ૧૧–૦૦ થી ૪–૦૦ સુધી.

  સ્થળ : ત્રિકમનગર સોસાયટી, બંગલા નં. એ/૬, દર્પણ ટોકીઝ સામે, વરાછારોડ, સુરત.

* તા. ૩૦–૧૦–'૮૭, શુક્રવાર, બીલીમોરા, ગાયત્રી મંદિર, ૧૧–૦૦ થી ૪–૦૦ વાગ્યા સુધી.

* તા. ૩૧–૧૦–'૮૭, શનિવાર, સુરત.

* તા. ૧–૧૧–'૮૭, રવિવાર, સુરતથી અમદાવાદ પરત.

* તા. ૧૧–૧૨–'૮૭ થી તા. ૧૨–૧૨–'૮૭, શુક્રવાર–શનિવાર, મુંબઈમાં વ્યક્તિગત મુલાકાત અને જીવનજળનો કાર્યક્રમ

  સમય : બપોરના ૧૨–૦૦ થી ૪–૦૦ વાગ્યા સુધી.

  સ્થળ : ગંગાદાસની વાડી, બાબુલનાથ મંદિર પાસે, મુંબઈ.

* તા. ૧૩–૧૨–'૮૭, રવિવાર પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ અને સાથે સાથે પૂજ્યશ્રીની વ્યક્તિગત મુલાકાત અને જીવનજળ.

  સમય : સવારે ૯–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધી.

  સ્થળ : પંચકુંડી મહાયજ્ઞ અને મુલાકાત માટે.

  —ઘનશ્યામભાઈ હરિભાઈ ત્રિવેદી, નંદનવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પોસ્ટ એન્ડ ટેલિગ્રાફની કોલોની સામે, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, ગુપ્તા પેટ્રોલ પંપની પાસે, મુલુંન્ડ (વેસ્ટ) * ફોન નંબર (ઘરનો) : ૮૧૨૫ ૧૧૬ અને ૮૨૮ ૨૪૪૨

* તા. ૧૧–૧૨–'૮૭ થી તા. ૧૪–૧૨–'૮૭ સુધી પૂજ્યશ્રીનો મુંબઈનો કાર્યક્રમ હોવાથી અમદાવાદમાં 'નીલોષા' પર મળી શકશે નહીં.

☐


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

**શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડીપો**

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—

પી/૭૬૨, નવી જી. આઈ. ડી. સી., કતારગામ, ફૂલપાડા રોડ, સુરત–૬




Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શકય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner